**આજનો સુવિચાર**

ઈશ્વર સિવાય કયાંય પણ મન લગાવ્યું તો અંતે પસ્તાવો જ પ્રાપ્ત થશે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૩૨ જૂનાગઢ તા. ૧૨-૦૯-૨૦૨૨ સોમવાર પાના : ૧૨ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# જ્ઞાનવાપી મામલે આજે વારાણસી ડીસ્ટ્રીકટ કોર્ટ ચુકાદો જાહેર કરશે : એલર્ટ

## અદાલતનો ચુકાદો પોતાની તરફેણમાં નહી આવે તો ઉપલી અદાલતમાં પડકારવાની હિન્દુ - મુસ્લીમ પક્ષકારોની જાહેરાત

વારાણસી તા. ૧૨

જ્ઞાનવાપી મસ્જિદ અને શૃંગાર ગૌરી મામલે વારાણસી જિલ્લા કોર્ટ આજે બપોરે ૨ વાગે પોતાનો ચૂકાદો સંભળાવશે. વારાણસી જિલ્લા કોર્ટ બહાર હલચલ તેજ થઈ ગઈ છેઅને જજ કોર્ટ પહોંચી ગયા છે. વારાણસીના જિલ્લા જજ ડો એકે વિશ્વેશ નક્કી કરશે કે જ્ઞાનવાપીનો જે સર્વે નક્કી થયો હતો તે યોગ્ય હતો કે નહી, કારણ કે જ્ઞાનવાપીના કેસની શરૂઆત ત્યાં જ થઈ હતી.

વારાણસીજિલ્લાકોર્ટ આજેઆ મુદ્દે પોતાનો ચૂકાદો સંભળાવી શકે છે જ્ઞાનવાપીનો કેસ ચાલવા યોગ્ય છે કે નહી મુસ્લિમ પક્ષની અરજી ઉપર નિર્ણય કરવામાં આવશે, જેમાં મુસ્લિમપક્ષે કહ્યું હતું કે જ્ઞાનવાપીનો કેસ ૧૯૯૧ નાં પૂજા સ્થળ ખરડાનું ઉલ્લંઘન છે. એટલા માટે આ કેસ ચાલી નહી શકે. જ્યારે, હિંદુ પક્ષે કહ્યું કે જ્ઞાનવાપીનો કેસ ૧૯૯૧ ના ધર્મસ્થાન ખરડો તેના ઉપર લાગૂ થાય છે કે નહી.

કાશી વિશ્વનાથ મંદિર અને જ્ઞાનવાપી મસ્જિદને લઈને અડધો ડઝનથી વધુ કેસ અલગ અલગ કોર્ટમાં પેન્ડીંગ છે, પરંતુ આ કેસ એકદમ વિશેષ છે, કારણ કે તત્કાલિન સિવિલ જજ રવિ કુમાર દિવાકરેઆ કેસ ઉપરસર્વેનો આદેશ આપ્યો હતો. જેમાં મસ્જિદના વઝુખાનામાં શિવલિંગ હોવાનો દાવો કરવામાંઆવ્યો હતો. જોકે મુસ્લિમ પક્ષે તેને ફુવારો ગણાવ્યો હતો અને આજે પણ પોતાના દાવા પર અડગ છે. તો બીજી તરફ હિંદુ પક્ષનો દાવો છે કે જ્ઞાનવાપી મસ્જિદનું આખું માળખું મંદિરને તોડીને બનાવવામાં આવ્યું છે.

જ્ઞાનવાપી મસ્જિદ ઉપર વારાણસી જિલ્લા કોર્ટના ચૂકાદા ઉપરવારાણસીજ નહી સમગ્રદેશની નજર મંડાયેલી છે અને એવામાં ચૂકાદો આવતાં પહેલાં વારાણસી પોલીસ એલર્ટ મોડ ઉપર છે. વારાણસીમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂકાદાને જોતાં સમગ્ર કાશી શહેરને હાઈ એલર્ટ ઉપરરાખવામાં આવ્યું છેઅને કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે. તે સાથેજ સોશિયલ મીડિયા ઉપર પોસ્ટને લઈને સમગ્ર શહેર ઉપર કંટ્રોલ રૂપથી ૨૪ કલાક નજર રાખવામાં આવી રહી છે. આજે વારાણસીની ડીસ્ટ્રીકટ કોર્ટ આ મામલે ચુકાદો જાહેરકરે તે પહેલા જ હિન્દુ-મુસ્લીમ બંને પક્ષકારોએ અદાલતનો ચુકાદો પોતાની તરફેણમાં આવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે તેમ છતાંપણ જો ચુકાદો વિરૂધ્ધમાં જશે તો તે સંજોગોમાં બંને પક્ષકારોએ ઉપલી અદાલતમાં આ ચુકાદાને પડકારવાની જાહેરાત પણ કરી દીધી છે.

## શેરબજારમાં ટનટન તેજી : સેન્સેકસ ૬૦,૦૦૦ને પાર

મુંબઈ તા. ૧૨

મુંબઈ આજે સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં ટનાટન તેજીનું વાતાવરણ છે. સેન્સેકસ ૫૦૦ પોઈન્ટ વધીને ૬૦૩૦૦ તથા નીફટી ૧૩૦ પોઈન્ટ વધીને ૧૭૯૬૧ ઉપર છે તમામ સેકટર ગ્રીન ઝોનમાં છે. આઈટી શેરમાં વધુ તેજી આવી છે.

## પાપૂઆ - ન્યુગીનીમાં ૭.૬ની તિવ્રતાનો ભુકંપ : ૧૬નાં મોત - આખું ગામ દટાઈ ગયું

પોર્ટ મોર્ઝબી, તા. ૧૨ : પેસિફિક મહાસાગરમાં અને ઈન્ડોનેશિયાની નજીક આવેલા સ્વતંત્ર દેશ પાપૂઆ ન્યૂ ગિનીમાં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે.

ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૬ જણ માર્યા ગયા છે. એક આખું ગામ જમીનમાં દટાઈ ગયું છે. ભૂકંપસ્થાનિકસમય મુજબઆજે સવારે૬.૪૬ વાગ્યે દેશનાઈશાન ભાગમાં આવ્યો હતો.

## અમરેલીમાં ૩ મહિનાથી ચાલતી જુગાર કલબ ઉપર સ્ટેટ વિઝીલન્સનો દરોડો ૪૭ લાખનો મુદામાલ જપ્ત

રાજકોટ, તા.૧૨

સ્થાનિક પોલીસની મીઠી નજર હેઠળ સૌરાષ્ટ્ર-ગુજરાતના લગભગ તમામ શહેરો-ગામડાઓમાં જુગારક્લબ, દેશી-વિદેશી દારૂના હાટડા સહિતની અનૈતિક પ્રવૃત્તિઓ ચાલવા-ચલાવવા દેવામાં આવતી હોવાનું એક નહીં પરંતુ અનેકવાર ખુલ્લું પડી ગયું છે. જો કે આ પ્રકારના દૂષણને તાત્કાલિક બંધ કરાવવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલે કમર કસી લીધી હોય તેવી રીતે ઠેર-ઠેર દરોડા પાડવાનું શરૂ કરી દીધું છે.

દરમ્યાનઅમરેલી જિલ્લાના સાથમા ગામે છેલ્લા ત્રણેક મહિનાથી ચાલતી જુગાર ક્લબ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)એ દરોડો પાડીને ટોકનના આધારે જુગાર રમતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અલગ-અલગ શહેરોના પત્તાપ્રેમીઓને રૂા.૪૭ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના સૂત્રોએ જણાવ્યું કે અમરેલી જિલ્લાનું સાથમા ગામ કે જે બહુ ઓછું જાણીતું છે ત્યાં પોતાની મકાન જુગારક્લબ શરૂ કરવા માટે ક્લબ સંચાલક પુંજું જીવાભાઈ બશીયાને આપનાર મુળ અમરેલીના જીગર કે.વૈષ્ણવે રાજકોટ, બોટાદ, ભાવનગર, જૂનાગઢ સહિતના શહેરોમાંથી જુગારીઓને બોલાવ્યા હતા. સાતમ-આઠમ પહેલાંના સમયથી શરૂ થયેલી આ ક્લબમાં અત્યાર સુધીમાં મોટી સંખ્યામાં જુગારીઓ જુગાર રમી ચૂક્યા છે.

## આખરે ડ્રેગન ઝુકયું : વાસ્તવિક અંકુશ રેખા ઉપરથી સૈન્ય હટાવવા ચીન સહમત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૨

આખરે ચીનેઝુકવુંપડ્યું છે. લાંબી વાટાઘાટો બાદ ચીને તેના સૈનિકોને હટાવવા માટે સંમતિ દર્શાવી હતી. પૂર્વી લદાખમાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પાસેના વિવાદિત વિસ્તારમાં ઘૂસેલા ચીની સૈનિકો આજે આ વિસ્તારને સંપૂર્ણપણે ખાલી કરી દેશે. આ સાથે, ચીનની ઘૂસણખોરીને ધ્યાનમાં રાખીને, ભારતે આ સમગ્ર વિસ્તારમાં તૈનાત કરેલા સૈનિકોમાંથી તેમની વાપસી સુનિશ્ચિત કરવામાં આવશે. મોદી સરકાર દરમ્યાન આ પહેલીવારનથી જ્યારે ચીની સૈનિકોને પીછેહઠ કરવી પડી હોય. જો કે ચીનના ભૂતકાળને જોતા ભારતે હજુ પણ સાવચેત રહેવાની જરૂર છે. મોદીસરકાર દ્વારા જારીકરાયેલા તાજેતરના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત-ચીન સંબંધોમાં આવેલા પરિવર્તનો સુખદ છે. ૧૨ જુલાઈ ૨૦૨૨ના રોજ બાલીમાંવિદેશપ્રધાન એસજયશંકર અને ચીનનાવિદેશ પ્રધાનવાંગયીની બેઠકમાં એલએસી ઉપર મે ૨૦૨૦ પહેલાની સ્થિતિને પુનઃસ્થાપિત કરવા માટે સંમત થયા હતા. જયશંકર-વાંગની બેઠકબાદ ૧૭જુલાઈનારોજ સૈન્ય કમાન્ડરોની બેઠક ૧૨ કલાકસુધી ચાલીહતી. જેમાં ગોગરા-હોટસ્પ્રિંગના વિવાદિત મુદ્દાનેઉકેલવા ઉપરસહમતિ સધાઈ હતી.

## ૧૫-૧૬ સપ્ટેમ્બરે શાંઘાઈ સહયોગ સંગઠનનું શિખર સંમેલન : વડાપ્રધાન મોદી ઉપસ્થિત રહેશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૨

પ્રધાનમંત્રી મોદી ૧૫-૧૬ સપ્ટેમ્બરે શંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં સામેલ થવા માટે ઉઝ્બેકિસ્તાન જઈ રહ્યાં છે. વિદેશ મંત્રાલયે આપેલી માહિતી અનુસાર શિખર સંમેલનમાં એસસીઓ સભ્ય દેશોના નેતા, પર્યવેક્ષક દેશો, એસસીઓના મહાસચિવ, એસસીઓ પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખું (આરટીએસ) ના કાર્યકારી ડાયરેક્ટર, તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિ અને અન્ય આમંત્રિત અતિથિ સામેલ થશે. તેનું આયોજન સમરકંદમાં કરવામાં આવી રહ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ પણ શિખર સંમેલનમાં ભાગ લેવા પહોંચશે.

પ્રધાનમંત્રી મોદી શિખર સંમેલનસિવાય દ્વિપક્ષીય બેઠકપણ કરે તેવી સંભાવના છે. આ સંગઠનમાંઆઠ દેશ સામેલ છે. આ દેશ છે ભારત, ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, પાકિસ્તાન, ઉઝ્બેકિસ્તાન અને તઝાકિસ્તાનો સમાવેશ થાય છે. ૨૦૧૯માં બ્રાઝીલમાં બ્રિક્સ સંમેલન દરમ્યાન પ્રધાનમંત્રી મોદી અને શી જિનપિંગની મુલાકાત થઈ હતી. પરંતુ ૨૦૨૦માં સરહદ પર તણાવ વધી ગયો અને ત્યારબાદ બંને નેતાઓ વચ્ચે કોઈ મુલાકાત થઈ નથી.

### ગુજરાતમાં ૨૫ સપ્ટેમ્બરથી ચોમાસુ પાછું ખેચાવાની શરૂઆત થશે

## ૨૬ સપ્ટેમ્બરથી નવરાત્રી મહોત્સવ : વરસાદનું વિઘ્ન નહી નડે

અમદાવાદ તા. ૧૨

સામાન્ય રીતે નેઋત્યનું ચોમાસુ તા.૧ સપ્ટેમ્બરથી રાજસ્થાનમાંથી પાછું ખેચાવાનો પ્રારંભ થાય છે પણ આ વર્ષે રાજસ્થાનમાંથી તા.૧૭-૧૮ સપ્ટેમ્બરથી ચોમાસુ પાછું ખેચાશે અને ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટના વાઈસ પ્રેસીડેન્ટ (નેધર ચેઈન્જ વિભાગ) પરેશ પાલાવતના જણાવ્યા મુજબ ગુજરાતમાં તા.૨૫-૨૬ સપ્ટેમ્બરથી ચોમાસું પાછુંખેચાવાનો પ્રારંભ થશેઅને આ સમય દરમ્યાન રાજયભરમાં વરસાદની શક્યતા નહીવત બની જશે તથા હવામાન ચોખ્ખુ થઈ જશે અને તબકકાવાર શિયાળાનું પગરણ નવેમ્બરના પ્રથમ સપ્તાહથી શરૂ થશે.

ગુજરાતમાં તા.૨૬ સપ્ટેમ્બરથી નવરાત્રીનો મહોત્સવ શરૂ થશે અને રાજયમાં છેલ્લા ત્રણ વર્ષથી કોરોનાકાળ અને તેની અસરના કારણે નવરાત્રી ઉજવણી નહીવત રહી હતી અને હવે તમામ નિયંત્રણો દુર થતા નવરાત્રી ઉજવણીનો જબરો ઉત્સાહ શરૂ થયો છે. હાલ બંગાળના અખાતમાં જે નવી દબાણની સ્થિતિ સર્જાઈ છે તે પણ આ મૌસમની આખરી વરસાદી પ્રવૃતિ લાવશે અને નવરાત્રીના આગમન સાથે જ હવામાન ચોખ્ખુ થતા ગુજરાતમાં નવરાત્રી ઉત્સાહથી મનાવાશે.

ખાનગી હવામાન એજન્સીની આ આગાહીથી હવે નવરાત્રીના આયોજકોમાં પુરા પ્લાનીંગ માટે સમય રહેશે.

## ઉત્તરપ્રદેશનાં પિલીભીતમાં દલિત યુવતિ ઉપર ગેંગરેપ બાદ જીવતી સળગાવી નાખી

લખનૌ, તા.૧૨: ઉત્તરપ્રદેશના પીલીભીતમાં ૨૪ કલાકમાં બે ગેંગરેપની ઘટનાએ પોલીસ વિભાગમાં હલચલ મચાવી દીધી છે. પહેલા ૧૬ વર્ષની દલિત યુવતીઉપર તેના ઘરમાં ઘુસીને સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો અને પછી તેને ડીઝલ નાખીને આગ ચાંપી દીધી હતી. યુવતીને દાઝી ગયેલી હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પોલીસે ગેંગરેપ સહિતની અનેક કલમો હેઠળ બે લોકો સામે કેસ નોંધીને બંને આરોપીઓની ધરપકડ કરી છે. મેજિસ્ટ્રેટે યુવતીનું નિવેદન પણ નોંધ્યું છે.બીજીઘટનામાં ગામના બે યુવકો ૧૨મા ધોરણની વિદ્યાર્થીનીને રાત્રે ઘરેથી ઉપાડી ગયા હતા. જ્યાં તેના ઉપર શેરડીના ખેતરમાં સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતાના પિતાએ ૧૦ સપ્ટેમ્બરે મધોટાંડા પોલીસને જાણ કરી હતી કે તેમના ગામના બે દબંગ યુવકો રાજવીર અને તારાચંદ ઘરમાં ઘૂસી ગયા હતા, તેમની પુત્રી ઉપર બળાત્કાર કર્યો હતો અને ડીઝલ છાંટીને આગ લગાવી દીધી હતી. પીડિતાની હાલત નાજુક છે. પોલીસ અધિક્ષકે કહ્યું કે માહિતી મળતાં જ તેઓ તુરંત કિશોરીના ગામ પહોંચ્યા અને સમગ્ર મામલાની જાતે તપાસ કરી. એસપીએ જણાવ્યું કે સંબંધીઓની ફરિયાદ ઉપરપોલીસે રાજવીર અને તારાચંદ વિરુદ્ધ બળાત્કાર, હત્યાનો પ્રયાસ અને ધમકી આપવાના આરોપમાં બંને આરોપીઓની ધરપકડ કરી હતી.

## ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં રામમંદિરનું નિર્માણ કાર્ય પુર્ણ થઈ જશે : રૂા.૧૮૦૦ કરોડનો ખર્ચ થશે

અયોધ્યા તા. ૧૨ :

ફૈઝાબાદ સર્કીટ હાઉસ ખાતે યોજાયેલી એક મીટીંગમાં શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપતરાયે કહ્યું કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો ખર્ચ લગભગ રૂા.૧૮૦૦ કરોડ થશે. રામમંદિર નિર્માણ માટે સુપ્રીમ કોર્ટના આદેશ ઉપર બનાવાયેલ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્યોએ રામમંદિર ટ્રસ્ટના નિયમો મંજુર કર્યા હતા. ટ્રસ્ટના સભ્યોએ સર્વસંમતિથી રામ જન્મભૂમિ પરિસરમાં હિંદુ ધર્મની મહાન વ્યક્તિઓ અને સંતોની પ્રતિમા સ્થાપિત કરવાનું નક્કી કર્યું હતું.

રામમંદિર નિર્માણનું કાર્ય ડીસેમ્બર ૨૦૨૩ સુધીમાં પુર્ણ થવાની આશા છે અને ૨૦૨૪ના મકરસંક્રાંતિ પર્વના દિવસે ભગવાન રામ મંદિરમાં બિરાજમાન થઈ જશે તેવી આશા છે.

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાની તોફાની બેટીંગ વિજળી પડવાની ઘટનામાં બે કિશોરોનાં મોત

રાજકોટ, તા. ૧૨

ભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક ૧ થી ૩.૫ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. આ વરસાદ સાથે મોરબીનાં માળીયા મીંયાણા પાસે વિજળીએ એક બાળકનો અને વઢવાણના વાડલા કોઠારીયામાં વિજળીએ બે કિશોરોનો ભોગ લીધો હતો. સૌરાષ્ટ્રમાં ગઈકાલે સૌથી વધુ ભાવનગરના વલ્લભીપુરમાં સાડા ત્રણઈંચ અને ઉમરાળામાં દોઢઈંચ, ચુડામાં બે, થાનગઢમાં બે અને વઢવાણમાં ૧ ઈંચ વરસાદ પડયો હતો.

આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં રાજકોટ શહેરમાં છેલ્લા બે દિવસમાં ૪ ઈંચ વરસાદ પડયો હતો. જેમાં શનિવારે ૩ ઈંચ અને ગઈકાલે રવિવારે ૧ ઈંચ વરસાદ પડયોહતો. આ ઉપરાંત ગઈકાલે ગોંડલમાં ૧, જેતપુરમાં અઢી, કોટડા સાંગાણીમાં ૨, લોધીકામાં ૧ અને વિંછીયામાં ૨ ઈંચ વરસાદ પડયો હતો. જયારે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન મોરબીનાં હળવદમાં બે, માળીયા (મીં)માં દોઢ, મોરબી-ટંકારામાં સવા ઈંચ અને વાંકાનેરમાં ૧ ઈંચ તથા જામનગર શહેરમાં ૧ ઈંચ વરસાદ પડવા પામ્યો હતો.

દરમ્યાન જુનાગઢ જિલ્લાનાં વંથલીમાં પણ સવા ઈંચ, અમરેલીનાં બાબરામાં અઢી ઈંચ અને બોટાદનાં ગઢડામાં ૧ ઈંચ વરસાદ વરસ્યો હતો.

## પશ્ચિમ બંગાળમાં ભાજપનાં સરઘસ ઉપર બોંબ હુમલો : અનેક ઘાયલ

કોલકત્તા તા. ૧૨


પશ્ચિમ બંગાળના કૂચ બિહાર જિલ્લાના સીતલકુચીમાં ભારતીય જનતાપાર્ટીનાસરઘસ દરમ્યાનહુમલા અને બોમ્બ વિસ્ફોટના અહેવાલો છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. વિસ્તારમાં અશાંતિના કારણેમોટીસંખ્યામાંપોલીસ ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે, આ હુમલો તૃણમૂલ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યોછે. ૧૩ સપ્ટેમ્બરના ભાજપના 'નબ્બાન ચલો' અભિયાનને ધ્યાનમાં રાખીને રવિવારે સીતલકુચીમાં 'ચોર ધરો, જેલ ભરો' સરઘસ કાઢવામાં આવ્યુંહતું. આ જ સરઘસ ઉપર હુમલો થયો હતો. જોકે તૃણમૂલ કોંગ્રેસે આ આરોપોને નકારી કાઢ્યા છે.

## રાજય સરકારનાં કર્મચારીઓ આકરા પાણીએ : રાજકોટમાં મહારેલી યોજાઈ ૧૭મીએ માસ સીએલ અને ૩૦મીથી અનિશ્ચિત મુદતની હડતાલ

રાજકોટ,તા. ૧૨ : ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે રાજકોટમાં જંગી રેલી કાઢી મુખ્યમંત્રીને સંબોધી કલેકટરને આવેદન પાઠવી -સુત્રોચ્ચાર સાથે કલેકટર કચેરીગજવી મુકીહતીઅને જુનીપેન્શન યોજના પુનઃ શરૂ કરવા તથા અન્ય પ્રશ્નો સંદર્ભે રજુઆતો કરી હતી.

આવેદનમાં ઉમેર્યું હતુ કે, કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧/૧/૨૦૦૫થી ઓલ્ડ પેન્શન સ્કીમ બંધ કરી નેશનલ પેન્શન સ્કીમ (NPS) કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫થી NPS લાગુ કરવામાં આવેલ છે. તા. ૧/૪/૨૦૦૫ પછી સરકારી નોકરીમાં દાખલ થનાર કર્મચારીઓને નિવૃતિ બાદ મળતુ આજીવન પેન્શન બંધ કરવામાં આવેલ છે. કર્મચારીઓના પગારની ૧૦ ટકા રકમની સામે સરકારશ્રી દ્વારા ૧૦ ટકા હિસ્સો મળી કુલ રકમ NPSમાં જમા થાય છે. જે રકમ શેર બજાર, મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ કરવામાં આવે છે. જેથી કર્મચારીને નિવૃતિ સમયે મળવાપાત્ર રકમનિશ્ચિત રહેતીનથી અને નિવૃત્તિબાદ જમા રહેલ રકમનું કોઈ પણ બેંકમાં ડિપોઝીટ કરવામાં આવે છે જે રકમનું વ્યાજ નહીંવત હોવાથી ઘડપણમાં જીવનનિર્વાહ કરવો કે કુટુંબનું ભરણપોષણ કરવું ખૂબ મુશ્કેલીસભર બને છે. ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો અને ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા સરકારીમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે ચર્ચા-વિચારણા કરીને તે પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે વારંવાર રજુઆતો કરવા છતાં કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ નહી આવતા તમામકર્મચારી આલમમાં અસંતોષ અને રોષની લાગણી વ્યાપેલ છે. મુખ્ય માંગણીમાં જુની પેન્શન યોજના પુનઃ ચાલુ કરવી. ફિકસ પગાર પ્રથા બાબતે સરકારે સુપ્રિમ કોર્ટમાં દાખલ કરેલ એસપીએલ પીટીશન પરત ખેંચી ફિકસ પગારની પ્રથામુળ અસરથી બંધકરી ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ મૂળનિમણુંકથી તમામ લાભ આપવામાં આવે. વગેરે પ્રકારની માંગણીઓ છે.


કિડની, મૂત્રાશય અને પુરુષ રોગોના નિષ્ણાંત
ડો. નયન ટીંબડીયા આપના શહેરમાં



લક્ષણો
દર મહિનાના બીજા બુધવારે
તપાસ ફી ₹600/-
અપોઈન્ટમેન્ટ માટે :

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોક્સ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

**નોબલ ટાઉનશીપ**
**જૂનાગઢ**
ટેનામેન્ટ બનાવતા બિલ્ડરો માટે
ખાસ સ્કીમ માટે મળો
૧૦૦ ચો.વાર પ્લોટનાં માલીક બનો....
મો. ૯૯૭૮૯ ૨૯૩૩૩
સંપર્ક : નોબલ ટાઉનશીપ
વંથલી રોડ, હરીઓમ એપાર્ટમેન્ટ પાસે,
વિનાયક ગ્રીન સામેનો રોડ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું


CMYK

# બીએપીએસ સંસ્થાનો કોર્ષ શિક્ષણ સાથે જોડવાની હિલચાલ સામે ભારે વિરોધ



## સનાતન ધર્મ આદી અનાદીકાળથી શરૂ થયો છે તે જ સાચો ધર્મ છે : આવા અભ્યાસમાં બાળકોને ન મોકલવા સંતોની વાલીઓને અપીલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

'બીએપીએસ સંસ્થાનો કોર્ષને શિક્ષણ સાથે જોડવાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ જે પેરવી કરી છે અને ગુજરાતની કેટલીક કોલેજોમાં આ આખા વિશ્વની અંદર માત્ર પ્રમુખ સ્વામી મહારાજ જ સર્વેસર્વા હોય તેવું ભણાવવામાં આવી રહ્યું છે ત્યારે અમે આ કોર્ષનો સખ્તમાં સખ્ત વિરોધ કરીએ છીએ અને જો આ કોર્ષ કોલેજોમાંથી હટાવવામાં નહિ આવે તો આગામી દિવસોમાં તેના ગંભીર પ્રત્યાઘાતો પડશે. શિક્ષણમાં જો ધર્મ ભણાવવો જ હોય તો સનાતમ ધર્મ ભણાવવો જોઈએ. પ્રમુખ સ્વામી મહારાજની આ વર્ષે જન્મ શતાબ્દી ઉજવવામાં આવી રહી છે એટલે તેઓને હજુ તો ૧૦૦ વર્ષ જ થયા છે પરંતુ સનાતન ધર્મ તો આદિ અનાદિ કાળથી શરૂ થયો છે અને આખા વિશ્વમાં જો કોઈ સાચો ધર્મ હોય તો તે માત્રને માત્ર સનાતન ધર્મ જ છે. બાકીના તમામ સંપ્રદાયો છે અને તે લોકોએ બનાવેલા છે અને લોકોએ જ તેના નિતી નિયમો નક્કી કર્યા છે. આપણા ભારતની સંસ્કૃતિ પણ સનાતન ધર્મ ઉપર ટકી રહી છે અને સનાતન ધર્મના કારણે જ આપણે વિશ્વગુરૂ બનીશું. આથી આપણે ભારતના બાળકોને જો શિક્ષણમાં ધર્મ અંગે સમજણ આપવી હોય તો તે સનાતન ધર્મની આપવી જોઈએ માત્ર એક વ્યકિતની નહિં. આપણા સૌરાષ્ટ્રની જ વાત કરીએ તો જૂનાગઢમાં સંત નરસિંહ મહેતા થઈ ગયા આ ઉપરાંત મીરાબાઈ કે જેણે કૃષ્ણ ભગવાનની ભક્તિ કરીને આખા જગતને સંદેશો આપ્યો છે કે, ભક્તિ કેવી રીતે અને કેટલી પવિત્રતાથી કરી શકાય છે તેમજ જો ધર્મ વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું હોય તો નિરંતર, નિરાકારી વિશ્વના નાથ ભોળાનાથ અંગે સમજ અને શિક્ષણ આપવું જોઈએ. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામએ કેવી રીતે રાજ કર્યુ અને ભાઈચારાની ભાવના કેવી હોવી જોઈએ, લોકોનું કલ્યાણ કેવી રીતે કરવુ તે શીખવવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતના યુધ્ધમાં જે શીખવ્યું તે કુટનિતી વિદ્યાર્થીઓને શીખવવી જોઈએ. આ ધરતી ઉપર રાક્ષસોનો ઉપદ્રવ થયો ત્યારે તેનો સંહાર કરનારી જગદંબાઓ વિષે શીખવવું જોઈએ. આપણા સૌરાષ્ટ્રમાં જ બાપા બજરંગદાસ, જલારામબાપા સહિતના અનેક સુપાત્ર સંત થઈ ગયા તેઓએ આપેલા પરચા અંગેનું જ્ઞાન વિદ્યાર્થીઓને શીખવવું જોઈએ. ઈન્દ્રભારતી બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૫૦૦ વર્ષ પહેલા જગદગુરૂ શંકરાચાર્ય થયા જેમણે દેશ વિદેશમાં ધર્મ પ્રચાર કર્યો તેમના વિષે કશું નહી? આવા વિશ્વના સંતો થયા તેને બદલે ઉપજાવી કાઢેલા અને ભુકંપ બાદ પ્રમુખ સ્વામી ગયા અને સહાય કરી તેવા મહિમામંડન કરાવાઈ રહ્યા છે. યુનિવર્સિટીમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્ષના નામે પ્રમુખ સ્વામી મહારાજ, સંપ્રદાયના મંદિરો અને તેમના સંતોના ઉદાહરણો કેસ સ્ટડી તરીકે લઈને યુવાનોને આ સંપ્રદાય તરફ વાળવા માટેનો દૂષ્પ્રચાર કરશે તો તે સાંખી લેવામાં નહિ આવે. સરકારને પણ અમારી અપીલ છે કે, જો આ કોર્ષ યુનિવર્સિટીમાંથી દૂર કરવામાં નહિ આવે તો સાધુસંતો લડત ચલાવશે અને સરકારને પણ અમારી અપીલ છે કે આ મામલે તેઓએ પગલા લઈને સનાતન ધર્મની રક્ષા કાજે પગલા લેવા જોઈએ. જો સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો આ રીતે જ શિક્ષણમાં ધર્મપ્રચારની કુચેષ્ઠા કરશે તો અમે અમારા તમામ સનાતન ધર્મના અનુયાયીઓને અપીલ કરી કરીને કહેશું કે, તમારા બાળકોને આવી શાળા અને કોલેજો કે યુનિવર્સિટીઓમાં અભ્યાસ માટે મોકલે નહિ અને કોર્ષમાંથી નામ કઢાવી નાખે. આવા બની બેઠેલા સંતોની શાળાઓમાં અભ્યાસ કરતા હશે તો તેમાંથી પ્રવેશ રદ કરાવી નાખવા પણ અપીલ કરીશું.

# જૂનાગઢનાં ઈવનગર ગામે કચરો નાખવા પ્રશ્ને મારામારી : સામે-સામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ તાલુકાનાં ઈવનગર ગામે કચરો નાખવા બાબતે બોલાચાલી થતા મારામારીનો બનાવ બનેલ છે અને સામ-સામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ભારતીબેન પ્રવિણભાઈ ચાવડા(ઉ.વ.૨૭) રહે.ઈવનગર વાળાએ ચંપાબેન રમેશભાઈ રાઠોડ, માધાભાઈ, માધાભાઈની પત્ની નયનાબેન, ચંપાબેનની દીકરી રીધ્ધીબેન, માધાભાઈનો દીકરો દિવ્યરાજ તમામ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી તથા આરોપીઓ બાજુ-બાજુમાં રહેતા હોય અને આ કામનાં ફરિયાદીનાં ઘરની બહાર રોડ ઉપર સાવણો લઈ વાળતા હોય દરમ્યાન ફરિયાદીએ રોડ ઉપર પડેલ પોદળો લઈ રોડની સાઈડમાં નાખતા આરોપી નં-૧એ કહેલ કે, અહીં કેમ કચરો નાખો છો ? જેથી ફરિયાદીએ કહેલ કે, આ સાર્વજનિક જગ્યા છે. તેમ કહેતા બોલાચાલી થયેલ. આ બનાવમાં આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદીને બિભત્સ શબ્દો કહી, ઢીકાપાટુનો માર મારી, ગળુ દબાવી, ઈજા પહોંચાડી અને ઝપાઝપીમાં ફરિયાદીની સોનાની બુટી પાડી દઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે.

જયારે સામાપક્ષે ચંપાબેન રમણીકભાઈ રાઠોડ (ઉ.વ.૪૫)એ અનીલભાઈ, અનીલભાઈનો ભાઈ ભરત, વનરાજભાઈ, વનરાજભાઈનો દીકરો રહે.ઈવનગર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, કચરો નાખવા બાબતે થયેલ બોલાચાલીનું મનદુઃખ રાખી આરોપીએ એકસંપ કરી અને ફરિયાદી તથા સાહેદને ઢીકાપાટુનો માર મારી, પછાડી દઈ સાહેદ નયનાબેનનો મોબાઈલ ફોન પાડી દઈ અને એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજપૂત યુવા સંઘ જૂનાગઢ દ્વારા ૧૬મો સરસ્વતી સન્માન/ રાસ ગરબા સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

રાજપૂત યુવા સંઘ જૂનાગઢ દ્વારા આયોજિત ૧૬મો સરસ્વતી સન્માન-૨૦૨૨ અને શરદ પૂર્ણિમા રાસ ગરબા સમારોહ તા.૯-૧૦-૨૨ને રવિવારનાં રોજ યોજાશે. આ તકે ૪ થી ૭ વિદ્યાર્થી સત્કાર સન્માન યોજાશે. તેમજ સાંજે ૭ કલાકથી રાસગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૯/૧૦/૨૨ રવિવારનાં રોજ સાંજે ૪થી ઉપરોક્ત બંને કાર્યક્રમનું સાથે આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં સ્વરૂચી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના રાજપૂત સમાજના શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ ભવ્ય રીતે હર્ષ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. ઉપરોક બંને કાર્યક્રમનો અંદાજીત ખર્ચ રૂા.૧.૫૦ લાખ થવા પામે છે જેનો આવક જાવક હિસાબ પહોંચ નંબર/અનુદાનૂની રકમ સાથે અહેવાલ આપવામાં આવે છે. આપશ્રી દર વર્ષે અમોને આર્થિક અનુદાન આપી પ્રોત્સાહિત કરો છો જે અમારૂં પ્રેરકબળ છે. ફરીથી અમોને આપના સાથ-સહકાર અને આર્થિક સહયોગની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે આપશ્રીની અભિવ્યક્તિ વ્યકત કરવા નમ્ર વિનંતી. દર વર્ષની જેમ ૧૬મો સરસ્વતી સન્માન/ રાસ ગરબા સમારોહ-૨૦૨૨ કાર્યક્રમનો આવક-જાવક(પહોંચ નંબર સહિત ) નો હિસાબ રજૂ કરવામાં આવશે.

# દ્વારકા શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનું નિધન, આજે સાંજે નરસિંહપુરના પરમહંસી ગંગા આશ્રમમાં સમાધિ અપાશે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા/દ્વારકા તા.૧૨

જ્યોર્તિમઠ બદ્રીનાથ અને શારદાપીઠ દ્વારકાના શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજીનું ૯૯ વર્ષની આયુએ નિધન થયું છે. તેમને મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લાના પરમહંસી ગંગા આશ્રમમાં ગઈકાલે રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. સ્વામી શંકરાચાર્ય લાંબા સમયથી બીમાર હતા. સ્વામી શંકરાચાર્ય આઝાદીની લડાઈમાં જેલ પણ ગયા હતા. તો તેમને રામ મંદિર નિર્માણ માટે લાંબી કાયદાકીય લડાઈ પણ લડી હતી. શંકરાચાર્યના શિષ્ય બ્રહ્મવિદ્યાનંદે જણાવ્યું કે, સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીને આજે સોમવારે સાંજે ૫ વાગ્યે પરમહંસી ગંગા આશ્રમમાં સમાધિ આપવામાં આવશે. ત્રીજના દિવસ જન્મદિવસ મનાવ્યો હતો. જગદગુરૂ શંકરાચાર્ય શ્રીસ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી બે મઠ(દ્વારકા અને જ્યોર્તિમઠ)ના શંકરાચાર્ય છે. સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીનો જન્મ સિવની જિલ્લાના જબલપુરની પાસે દિઘોરી ગામમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના માતા-પિતાએ તેમનું નામ પોથીરામ ઉપાધ્યાય રાખ્યું હતું. માત્ર નવ વર્ષની ઉંમરે તેમને ઘર છોડીને ધર્મ યાત્રા શરૂ કરી હતી. આ દરમ્યાન તેઓ ઉત્તરપ્રદેશના કાશી પહોંચ્યા અને જયાં તેમને બ્રહ્મલીન શ્રીસ્વામી કરપાત્રી મહારાજ પાસેથી વેદ વેદાંગ, શાસ્ત્રોનું શિક્ષણ લીધું. વર્ષ ૧૯૪૨ ના સમયગાળામાં તેઓ માત્ર ૧૯ વર્ષના હતા ત્યારે ક્રાંતિકારી સાધુ તરીકે પ્રસિદ્ધ થયા હતા, કેમ કે તે સમયે દેશમાં

### જ્યોર્તિમઠ અને શારદા પીઠના શંકરાચાર્ય હતા

અંગ્રેજોના શાસનમાંથી આઝાદ થવાની લડાઈ ચાલી રહી હતી. શંકરાચાર્યજીના ૯૯માં જન્મદિવસની ઉજવણી હરિયાળી તીજના દિવસે કરવામાં આવી હતી. ૧૯૫૦ માં દંડ દીક્ષા લીધી સ્વામી સ્વરૂપાનંદે નવ વર્ષની ઉંમરે પોતાનું ઘર છોડીદીધું હતું. જે પછી તેઓ કાશી પહોંચ્યા, ભારતના દરેક પ્રસિદ્ધ તીર્થસ્થાનો, સ્થળો અને સંતોની મુલાકાત લીધી. સ્વામી સ્વરૂપાનંદજીને ૧૯૫૦માં દાંડી સન્યાસી બનાવવામાં આવ્યા હતા. જયોતિમઠ પીઠના બ્રહ્માલિન શંકરાચાર્યએ સ્વામી બ્રહ્માનંદ સરસ્વતી પાસેથી દંડ સન્યાસની દીક્ષા લીધી અને સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી તરીકે ઓળખાયા. તેમને ૧૯૮૧માં શંકરાચાર્યની પદવી મળી હતી. ૧૯ વર્ષની વયે સ્વતંત્રતા સેનાની બન્યા ૧૯૪૨માં જયારે ભારત છોડો આંદોલનની જાહેરાત કરવામાં આવી ત્યારે સ્વામી સ્વરૂપાનંદ પણ આ આંદોલનમાં જોડાયા હતા. ૧૯ વર્ષની ઉંમરે તેઓ ક્રાંતિકારી સાધુ તરીકે પ્રખ્યાત થયા. તેઓ વારાણસીમાં ૯ મહિના અને મધ્યપ્રદેશની જેલમાં ૬ મહિના સુધી કેદ રહ્યા હતા. રામમંદિરના નામે ઓફિસ બનાવવાનો આરોપ મૂક્યો હતો શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ રામ જન્મભૂમિ ન્યાસના નામે વિહિપ અને ભાજપ ઉપર નિશાન સાધ્યા હતા. તેમને કહ્યું હતું અયોધ્યામાં મંદિરના નામે ભાજપ વિહિપ પોતાની ઓફિસ બનાવવા માંગેછે, જે અમને મંજૂર નથી. હિન્દુઓમાં શંકરાચાર્ય જ સર્વોચ્ચ હોય છે. હિન્દુઓની સુપ્રીમ કોર્ટ અમે જ છીએ. મંદિરનું એક ધાર્મિક રૂપ હોવું જોઈએ, પરંતુ આ લોકો તેને રાજકીય સ્વરૂપ આપવા માગે છે, જે અમને લોકોને માન્ય નથી.

# મારૂ ચાલે તો જૂનાગઢમાં એકપણ ઝૂંપડું ના રહેવા દઉ : આશિષભાઈ રાવલ

## "નોધારાનો આધાર" ગૃહપ્રવેશ શક્તિ પરિવાર (શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ) દ્વારા ગરીબ પરિવારને ઘરનું ઘર બનાવી આપવામાં આવ્યું







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં ગયા મહિને વરસાદમાં એક ગરીબ પરિવારનું ઝૂંપડું ભાંગીતૂટી ગયેલ હતું. સંસ્થા દ્વારા આ જરૂરિયાતમંદ પરિવારને પાકું મકાન બનાવી આપવાનો સંકલ્પ કર્યો હતો. આજ એક મહિના બાદ જરૂરિયાતમંદ પરિવારને તેમનું પાકું ઘરનું ઘર બનાવીને સોંપવામાં આવેલ હતું. આ શુભ પ્રસંગે સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડના કોઠારી સ્વામી પી.પી.સ્વામી તથા કુંજ સ્વામી દ્વારા ઉદઘાટન ગૃહપ્રવેશ કરાવામાં આવેલ હતું. આ શુભ ક્ષણના મુખ્ય મહેમાન તરીકે સમસ્ત બ્રહ્મસમાજ જૂનાગઢ જિલ્લા પ્રમુખ કે.ડી. પંડ્યા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોશી, સૌરાષ્ટ્ર-કચ્છના પૂર્વપ્રમુખ છેલભાઈ જોશી, ટ્રસ્ટી હસુભાઈ જોશી, અગ્રણી બિલ્ડર્સ મુકેશભાઈ મેહતા, કોર્પોરેટર આરતીબેન જોષી, મહિલા પ્રમુખ રૂપલબેન લખલાણી, ભરતભાઈ લખલાણી ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ કાર્ય પૂર્ણ કરવામાં શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના આશિષભાઈ રાવલ, કિશોરભાઈ ખંભોળીયા, રાજુભાઈ વ્યાસ, પ્રશાંતભાઈ પુરોહિત, હર્ષદભાઈ જાની, કિશોરભાઈ જાની તથા કાળુભાઈ ગોહેલ દ્વારા જહેમત ઉઠાવામાં આવેલ હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિશ્વવિખ્યાત કથાકાર મહાદેવ પ્રસાદ મહેતાનું સન્માન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જિલ્લા અને મહાનગર દ્વારા વિશ્વપ્રસિદ્ધ કથાકાર ડો. મહાદેવ પ્રસાદજીનું જૂનાગઢમાં છગ પરિવાર દ્વારા ચાલતી ભાગવત કથામાં હાર પહેરાવી, સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પ્રમુખ કે.ડી. પંડ્યા, શહેર પ્રમુખ પ્રફુલભાઈ જોશી, ટ્રસ્ટી હશુભાઈ



જોષી, અશિષભાઈ રાવલ, મેહુલભાઈ દવે, ચિરાગ જોષી, મુકેશભાઈ મહેતા, યોગેશભાઈ પુરોહિત, શૈલેષભાઈ રવૈયા, ભરતભાઈ લખલાણી વગેરે હાજર રહેલા હતા તેમ પ્રવકતા શૈલેષ પંડ્યા અને મંત્રી મહેશભાઈ જોશીની યાદી જણાવે છે.

# ચોરવાડ : લગ્ન ન થતા માઠુ લાગી જતા ગળાફાંસો ખાઈ જીવનનો અંત અણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૧૨

ચોરવાડનાં અખાડા વિસ્તારમાં રહેતા રમેશભાઈ કારાભાઈ ચુડાસમા (ઉ.વ.૩૨)નાં લગ્ન થયેલ ન હોય અને સગાઈ પણ થયેલ ન હોય જેથી તેને લાગી આવતા પોતાની મેળે ઘરમાં આડી સાથે ઓઢણા વડે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણેલ છે. આ ઉપરાંત માંગરોળનાં માનખેત્રા ગામનાં હેમાશીબેન પ્રતાપભાઈ ખેર(ઉ.વ.૧૭)ને તાવ આવતો હોય જેની દવા ચાલુ હોય અને ભુલથી દવાને બદલે ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી જતા તેનું મૃત્યું થયેલ છે. આ ઉપરાંત માંગરોળ બંદર ખાતે રહેતા જલ્પાબેન લખમણભાઈ ગોસીયા (ઉ.વ.૩૦) પોતાનાં ઘરમાં મોટા હોય અને ચાર ભાઈ-બહેનમાંથી કોઈની સગાઈ ન થતી હોય જેથી કંટાળી જઈ સેલફોર્સનાં ટીકડા ખાઈ લેતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.

## :: અવસાન નોંધ ::

માણાવદર : આજકગીરી નારાયણ બ્રાહ્મણ મંજુલાબેન જગદીશચંદ્ર પંડયા (ઉ.વ. ૭૨) તે જગદીશચંદ્ર અનંતરાય પંડ્યાનાં ધર્મપત્ની, હિતેશ પંડયા (પત્રકાર), પ્રદિપ પંડયા (જીઈબી)ના માતા, સુરેશચંદ્રનાં ભાભી, કમલ, રવીનાં ભાભુ, દેવર્ષ અને આર્યનનાં દાદીમાનું તા. ૧૧-૯-૨૨ને રવિવારે અવસાન થયુંછે. સદગતનું બેસણું તા. ૧૨-૯-૨૨ને સોમવારે ૩થી ૬, માવજી જીણા કોમ્યુનીટી હોલ, માવજીજીણા સોસાયટી, માણાવદર ખાતે રાખેલ છે.

# સમગ્ર ગુજરાતની આઈટીઆઈના કર્મચારીઓ ૪૨૦૦ ગ્રેડ પેની માંગણી સાથે મેદાને ઉતર્યા



(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૨

હાલ ચુંટણીનો માહોલ ઉભો થઈ રહ્યો છે ત્યારે ધીરે ધીરે સમગ્ર ગુજરાતના સરકારી કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ આંદોલનો થકી સરકાર સમક્ષ મૂકી રહી છે. સમગ્ર ગુજરાતના આઈ.ટી.આઈ.ના કર્મચારીઓ અમદાવાદ ખાતે એકત્રિત થવાના હતા પરંતુ ધરણા માટેની મંજૂરી ન મળતા આઈટીઆઈના કર્મચારીઓ તા.૧૦-૯-૨૨ના રોજ સવારે અડાલજ ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ ૪૨૦૦ ગ્રેડ પેની માંગણી માટેના સૂત્રોચ્ચાર કર્યા હતા. અમદાવાદ ખાતે ધરણા પ્રદર્શન માટે મંજૂરી રદ થતા રોષે ભરાયેલ કર્મચારીઓ અડાલજ ખાતે એકઠા થઈ શક્તિ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત રાજ્ય કારીગર તાલીમ કર્મચારી મંડળ વર્ગ-૩ના હોદ્દેદારો દ્વારા આવનારા દિવસોમાં સરકાર દ્વારા અમારી માંગણી સંતોષવામાં ના આવે તો આનાથી વધારે જલદ કાર્યક્રમો યોજવામાં આવશે તેવું વિશેષ જણાવ્યું હતું.

# દારૂબંધી ધરાવતા ગુજરાતમાં વધુ પાંચ હોટલોને દારૂ માટે સરકારે પરમીટ આપી : કુલ ૬૪ લીકર શોપ થયા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૨

ગુજરાતમાં દારૂબંધી છે છતાં બેફામ રીતે દારૂનો વેંચાણ તથા ઉપયોગ થઈ રહ્યો છે અને તે અંગે સરકાર સામે અનેક આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે રાજય સરકારનાં ગૃહ વિભાગ દ્વારા વધુ ૫ હોટેલોને લિકર પરમિટ આપવામાં આવી છે. આ હોટેલો હવે પ્રવાસીઓને અને પરમિટ ધરાવતા લોકોને દારૂનું બે રોકટોક વિતરણ કરી શકશે. આ હોટેલો વિદેશથી અને અન્ય રાજયોમાંથી તેમની હોટેલમાં આવતા લોકોને પરમિટ પણ આપી શકશે. રાજયમાં અત્યારસુધી ૫૮ હોટેલોને લિકર શોપની પરવાનગી આપવામાંઆવી છે. વધુ ૫ હોટેલોને મંજુરી મળતા હવે રાજયમાં કુલ ૬૪ હોટેલ પ્રવાસીઓ, વિદેશી નાગરિકોને વિદેશી દારૂ પીરસવાની પરમિટ ધરાવતી થઈ છે. મંજુરી મળે છે તેમાં અમદાવાદની શીલજ વિસ્તારમાં આવેલી તાજ સ્કાયલાઈનનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જીલ્લામાં હાલ ૧૯ હોટેલો દારૂની પરમિટ ધરાવે છે જેમાં એક હોટેલનો વધારો થતા હવે કુલ ૨૦ હોટેલમાં પરમિટધારકો અને પ્રવાસીઓ દારૂ મેળવી શકશે. અમદવાદ ઉપરાંત સુરત, ભાવનગર, ગોંડલ અને રાજુલા ખાતેની હોટેલોને મંજુરી આપવામાં આવી છે. રાજયમાં પ્રવાસનનો વ્યાપ વધારવાનાં ભાગરૂપે તેમજ વાઈબ્રન્ટ સહિતની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં દેશ-વિદેશથી આવતા મહેમાનો તથા પ્રવાસીઓની સુવિધાનાં ભાગરૂપે સરકાર ફાઈવસ્ટાર અને ઉચ્ચ રેન્ક ધરાવતી હોટેલોને લિકર પરમિટ આપવામાં આવી રહી છે. સરકાર દ્વારા જે હોટેલને વિદેશી દારૂ વેંચવાની મંજુરી અપાઈ છે તેમાં અમદાવાદની હોટેલ તાજ સ્કાયલાઈન(યુનિટ ઓફ સંકલ્પ ઈન), સુરતની હોટેલ કોર્ટયાર્ડ બોય મેરિયોટ(યુનિટ ઓફ ગુજરાત જેએચએમ હોટેલ્સ લિ.), ભાવનગરની હોટેલ લીલા ટ્રેડ લિંક પ્રા.લિ., રાજકોટની ઓર્કાર્ડ પેલેસ એચજીએચ હોટેલ્સ એલએલપી, હજુર પેલેસ કેમ્પસ, રાજુલા અમરેલીની હોટેલ લાયન પેલેસ, હિન્ડોરણા રોડનો સમાવેશ થાય છે. રાજયમાં હાલની સ્થિતિએ ૩૯૩૩૪ લોકો પાસે હેલ્થ પરમિટ છે. હેલ્થ પરમિટ હેઠળ રાજયમાં લોકોને પોતાનાં આરોગ્યની જાળવણી માટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોતાની પાસે રાખવાની અને ઉપયોગ કરવાની પરવાનગી મળે છે. સૌથી વધારે ૧૩૦૩૪ હેલ્થ પરમિટ અમદાવાદ જીલ્લામાં છે. સુરત જીલ્લામાં ૮૦૫૪ હેલ્થ પરમિટ છે. મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર જીલ્લામાં ૧૯૮૯ લોકો હેલ્થ પરમિટ ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વાસ્થ્ય પરમિટ નિયમ ૬૪ હેઠળ ગુજરાત રાજયમાં વસ્તી વ્યકિતઓને પોતાનું આરોગ્ય જાળવવા ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખવા અને વાપરવા પરમિટ મળે છે. રાજયનાં વતનીઓ માટે હેલ્થ પરમિટ(નિયમ ૬૪), રાજયમાં વસવાટ માટે આવતી રાજય બહારની વ્યકિતઓ માટે હેલ્થ પરમિટ(નિયમ ૬૪-બી), રાજયમાં વસતા સંરક્ષણ દળનાં નિવૃત સભ્યો માટે હેલ્થ પરમિટ(નિયમ ૬૪-સી), કામચલાઉ રીતે રાજયમાં વસવાટ કરતી વિદેશી વ્યક્તિઓ, રાજયમાં એક માસ માટે આવતા વિદેશી નાગરિકો, વધુમાં વધુ સાત દિવસ માટે રાજયની મુલાકાત માટે આવતી રાજય બહારની વ્યકિતઓ, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક/ શૈક્ષણિક સંમેલનમાં ભાગ લેવા આવતી રાજય બહારની વ્યકિતઓને પરમિટ ઈશ્યુ કરાય છે.

# ભારતનું વિદેશી મુદ્રા ભંડાર ૨૩ મહિનાનાં તળિયે

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૧૨

ભારતનાં વિદેશી મુદ્રા ભંડારમાં ફરી ઘટાડો નોંધાયો છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ન રોજ પુરા થયેલા સપ્તાહમાં ફોરેકસ રિઝર્વ ૭.૯ અબજ ડોલર ઘટીને ૫૫૩.૧૧ અબજ ડોલર થયું હતું. દેશનાં વિદેશી હુંડિયામણ અનામતમાં ૯ ઓકટોબર, ૨૦૨૦ પછીનું આ સૌથી નીચલું સ્તર છે. એટલે કે ૨૩ મહિનાનાં તળિયે પહોંચી ગયું છે. સેન્ટ્રલ બેંક, આરબીઆઈએ રૂપિયાનાં ઘટાડાને રોકવા માટે ડોલર વેંચ્યા છે. તેનાં કારણે દેશનાં વિદેશી હુંડિયામણનાં ભંડારમાં ભારે ઘટાડો થયો છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨નાં રોજ પુરા થયેલા સપ્તાહ દરમ્યાન ડોલર સામે રૂપિયો ૮૦.૧૩નાં સ્તરે ફોરેન કરન્સી એસેટમાં ઘટાડો થવાને કારણે વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થયો હતો.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 232, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# શાસક પક્ષનો વિરોધ હોય પરંતુ આપણે ઊલટી ગંગા !

દેશમાં ૨૦૨૪માં આવી રહેલી લોકસભા ચૂંટણીઓને નજરમાં રાખી દેશના વિરોધ પક્ષોએ એક મંચ ઉપર એક જૂઠ થવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જો કે, અગાઉ મમતા દીદીએ આ માટે પ્રયત્નો કરેલા પરંતુ વિપક્ષો એક જૂઠ ન થવા પાછળ કેટલાક કારણો છે.... તો હવે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જોશભેર ભાજપ સામે વિપક્ષોને એક નેજા નીચે લાવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. બીજી તરફ એનસીપીના વડા શરદ પવારે ભાજપ સામે એક જૂઠ થવા વિપક્ષોની મીટીંગ બોલાવી છે. જ્યારે કે આવા સમય દરમ્યાન કોંગ્રેસ પક્ષે દિલ્હી ખાતે કેન્દ્ર સરકાર સામે જોશભેર મોંઘવારી-બેરોજગારી હલ્લાબોલ રેલી કરીને તેમજ ભારત જોડો યાત્રાની શરૂઆત કરતાં તેના દેશ ભરમાં બહુ સારા પ્રત્યાઘાત પડ્યા છેલોકો આવકાર આપવા લાગ્યા છે અને લોકોમાં એક નવી ઉર્જાનો સંચાર થયો હોય તેવી સ્થિતિ બની ગઈ છે. દિલ્હી ખાતે કોંગ્રેસની મોંઘવારી બેરોજગારી હલ્લાબોલ વિશાળ રેલીમાં રાહુલ ગાંધીએ જે રીતે સરકાર ઉપર શાબ્દિક હુમલા કર્યા છે તેનાથી અને ભારત જોડો તિરંગા યાત્રા કેજે દેશના ૧૨ રાજ્યોમાંથી પદયાત્રા કરી લાંબા રૂટ ઉપર પસાર થવાની છે તેને કારણે ભાજપમાં ખલબલી મચી જવા પામી છે. આ યાત્રાનો વિરોધ પણ થઈ શકે તેવું કોઈ કારણ નથી. આ યાત્રામાં લોકોને નાત-જાત- કોમ ભૂલીને એક થવાની બાબત છે. જોકે, ભાજપના કેટલાક ગભરાયેલા નેતાઓએ 'લોટ'ને લીટરમાં કિંમત કહેવા બદલ રાહુલ ગાંધીની વાતને ઉછાળવા પ્રયાસો કર્યા પરંતુ તેઓની આ બાબતને સફળતા ન મળતા લોકોની ટીકાનો ભોગ બન્યા... તો રાજકીય ગલીયારીમાં ભાજપના નેતાઓની આવી વાતને બાલીશ ગણાવી બીજી તરફ રાજકીય ક્ષેત્રે, જાગ્રત નાગરિકો તથા શિક્ષિત લોકોમાં ભાજપની કોંગ્રેસ મુક્ત ભારતની વાતના નદીયાં ઉડાવતા આઝાદી સમય દરમ્યાન જે તે રાષ્ટ્રવાદી પક્ષના નામે ભારતને આઝાદી ન મળે તે માટે કરેલા પ્રયાસો તેમજ જે તે નેતાઓએ કાળ કોટડીમાં નહી જવા જે તે સમયમાં અંગ્રેજ શાસકોને લખી આપેલા માફી પત્રો માટેની વાતોએ ચર્ચા વધુ પ્રમાણમાં જામી છે. તેમજ સાતેક વર્ષ પહેલાં અન્ના હજારેએ કરેલા કોલસા કૌભાંડ આંદોલનમાં આગળ પડનારા છે જેટલા લોકોને કેન્દ્રની ભાજપ સરકારે જે લાભ આપ્યા તેની ચર્ચા તેમજ કેજરીવાલ મૂળ તો સંઘ સાથે સંબંધ ધરાવતા હતા અને દિલ્હીના મુખ્યમંત્રી બન્યા. તેમજ હંમેશા ભાજપની જેમજ કોંગ્રેસનોજ વિરોધ કરતા રહ્યા છે. જેના શાસનથી આમ પ્રજા ત્રસ્ત-પીડિત છે તેની વિરૂધ્ધ એક હરફ સુદ્ધાં ઉચ્ચારતા ન હતા પરંતુ પંજાબમાં મળેલ જીત પછી ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભા જીતવા માટે થઈને ભાજપનો વિરોધ કરવા ફરજ પડી છે આમ છતાં કોંગ્રેસ સત્તા ઉપર ન હોવા છતાં પણ તેનો વિરોધ કરે છે આનો અર્થ શું...? જ્યારે કે ખરેખર તો દેશમાં સત્તાધારી પક્ષનો હરહંમેશ વિરોધ કે ટીકા થતી રહી છે જે વણ લખ્યો નિયમ છે. પરંતુ હવેના લોકશાહી દેશ ભારતમાં તો સત્તાધારી પક્ષ ભાજપ વિરોધપક્ષોનો વિરોધ કરે છે તેમાં ખાસ તો દેશની આઝાદી માટે મરી ફીટનાર કોંગ્રેસ પક્ષનો વિરોધ ખાસ કરે છે ઉપરાંત અગાઉના સમયમાં વ્યક્તિગત આક્ષેપો પણ કરતા હતા આને શું કહેવાય....? ટુંકમાં ભાજપ તો કોંગ્રેસ પક્ષ વિપક્ષમાં હોવા છતાં વિરોધ કરે છે... પરંતુ કેજરીવાલ-આપ પાર્ટીએ કોંગ્રેસનો વિરોધ કરવાનું કારણ શું....? તેવા પ્રશ્નો અને ચર્ચા આમ સમજદાર પ્રજાજનોમાં ઉઠવા સાથે આપ માટે સવાલ કરે છે કે શું કેજરીવાલની આમ આદમી પાર્ટી ભાજપની 'બી' ટીમ છે....?

દેશમાં સાતેક વર્ષ પહેલા કોંગ્રેસનો વિરોધ કોલસા કૌભાંડમાં ભ્રષ્ટાચારને બહાને કરવામાં આવ્યો હતો પરંતુ આ કૌભાડમાં કાંઈજ નીકળ્યું નહીં અને કોર્ટમાં આક્ષેપો ખોટા સાબિત થયા પરંતુ તેનો લાભ ભાજપ અને કેજરીવાલ તથા આ આંદોલનમાં આગળ પડતાં જ જેટલા મહાનુભાવોને ફાયદો થયો. ત્યારબાદ રાહુલ ગાંધી મેદાનમાં આવતા લોકોમાં આકર્ષણ થયું પણ 'પપ્પુ'ના નામે વિવિધ બહાના અને નિવેદનો બાબતે તેમના ઉપર આક્ષેપોનો મારો તથા બિન જવાબદાર ગણાવતા જઈને નગણ્ય કરી નાખ્યા. આખરે દેશની પ્રજાને સાત વર્ષના ભાજપ શાસનનો તમામ પ્રકારે અનુભવ થઈ ગયો છે.... બહુમત લોકો વધારે ટેક્ષથી ત્રાસી ગયા છે, લોકો બોલતા થઈ ગયા છે કે પ્રજાના વિશ્વાસને કારણે ભાજપ જીતે છે તેમજ દેશભરમાં સૌથી વધુ સભ્યો ભાજપના છે તો પછી દેશમાં ઈવીએમ દ્વારા મતદાન શા માટે કરાવાય છે...? જે દેશો આ ઈવીએમ બનાવે છે તેઓ તેમના દેશમાં ઈવીએમ મશીન દ્વારા મતદાન નથી કરાવતા અને બેલેટ પેપર દ્વારા મતદાન કરાવે છે, જેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મન, જાપાન, યુરોપ સહિતના અનેક દેશો આવી જાય છે તો પછી ભારતમાં ઈવીએમ દ્વારા મતદાન શા માટે...? વડાપ્રધાન દેશમાં અને વિશ્વભરમાં લોકપ્રિય છે તો બેલેટ દ્વારા મતદાન કેમ નથી કરાવતા...? જોકે, મોદી છે તો મુમકીન છે...! બેલેટ દ્વારા કદાચ મતદાન થાય.... ઉપરાંત લગભગ રાજ્યોમાં ભાજપની સત્તા છે પછી બેલેટ બાબતે ડરવાનું કારણ શું...? તેવા પ્રશ્નો પ્રજામાં ઉઠવા પામ્યા છે...!?

# દેશમાં હાઈવે ઉપર માર્ગ અકસ્માતોને રોકવા માટે સીટબેલ્ટનો કાયદો માત્ર કાગળ ઉપર જ ન રહી જાય !

## જન સલામતીને ધ્યાને લઈને ક્યારેક આકરાં નિર્ણયો લેવા પડે તો સરકારે પીછેહઠ ન કરવી જોઈએ




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૨

ભારતમાં મોટી સમસ્યા એ છે કે, કોઈપણ નિયમ કે કાયદાનું મહત્ત્વ ત્યારે જ સમજાય છે જ્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય છે. આપણે ત્યાં કારમાં આગળની સીટ ઉપર બેઠેલા લોકોએ સીટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે તો પાછળની સીટ ઉપર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ ફરજિયાત છે. આ કારણ જ દરેક કારમાં પાછળની સીટ ઉપર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ હોય છે પણ એ પહેરવો ફરજિયાત નથી એવી માન્યતાના કારણે સીટ બેલ્ટ શોભાના ગાંઠિયાની જેમ પડી રહે છે. આ ગંભીર બાબતે સરકારના જવાબદાર વિભાગકે તેના સત્તાધીશો દ્વારા પણ ઉદાસીનતા સેવવામાં આવી છે. થોડા દિવસ પહેલા તાતા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું કાર અકસ્માતમાં નિધન થયું. સાયરસ મિસ્ત્રી પૂરઝડપે ભાગી રહેલી કારમાં પાછળની બેઠક ઉપર બેઠા હતાં પણ સીટ બેલ્ટ નહોતો પહેર્યો તેથી એરબેગ ના ખૂલી અને તેમનું નિધન થયું. આગળની સીટ ઉપર બેઠેલા બંને લોકોએ સીટ બેલ્ટ પહેરેલો તેથી એરબેગ ખૂલી ગઈ તેમાં બચી ગયા. સાયરસ મિસ્ત્રીના નિધનના પગલે કેન્દ્ર સરકારને યાદ આવ્યું કે, કારમાં પાછળની સીટ ઉપર બેઠેલા લોકો માટે પણ સીલ્ટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે. આથી આ પ્રકારના અકસ્માતો અટકાવવા સરકારે બહુ મોટો નિર્ણય લેતા હોય એમ જાહેર કર્યું કે, હવેથી ગાડીમાં સવાર દરેક લોકોએ સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એલાન કરી દીધું કે, તમે આગળની સીટ ઉપર બેઠા હો કે પાછળની સીટ ઉપર બેઠા હો, હવે સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. સીટ બેલ્ટ નહીં પહેર્યો હોય તો આકરો દંડ થશે. જો કે, ગડકરીની આ જાહેરાત હાસ્યાસ્પદ છે. કેમ કે આ નિયમ તો પહેલેથી જ છે. કેન્દ્રીય મોટર વાહન નિયમ(૧૯૮૯)ની કલમ ૧૩૮(૩) અનુસાર કારમાં તમામ બેઠકો ઉપર સીટ બેલ્ટ આપવામાં આવે છે કે જે લગાવવો જરૂરી છે. ફાઈવ સીટર કારમાં પાછળ બેસતા લોકોએ સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે તો ૭ સીટર કારમાં પાછળ બેઠેલા લોકોમાંથી જેમના ચહેરા સામેની બાજુ હોય તો તેમણે કાર ચાલતી હોય ત્યારે બેલ્ટ પહેરવો જરૂરી છે. આ કાયદાનું પાલન ન કરનારને દંડ પણ થાય છે. ૨૦૧૯માં ભારતમાં મોટર વાહન સંશોધન અધિનિયમ ૨૦૧૯માં ફેરફાર કરીને સીટ બેલ્ટ નહીં પહેરનારને દંડની રકમ રૂા.૧૦૦થી વધારીને રૂા.૧૦૦૦ કરાઈ હતી. આપણાં દેશમાં મોટા ભાગના લોકો સીટ બેલ્ટ બાંધવાનું ટાળે છે તેથી તેમને ખબર ના હોય એ સમજી શકાય પણ સરકારના જવાબદાર વિભાગે પણ કાયદાના ચુસ્ત પાલન માટે લોકોને ફરજ પાડી નથી. ગડકરીએ તો એવું પણ એલાન કર્યું કે, નવા નિયમ અંગે ત્રણ દિવસમાં સત્તાવાર રીતે આદેશ બહાર પાડી દેવાશે. જે કાયદો પહેલેથી અમલી છે તેના અંગે નવી જાહેરાત કરવાની વાત કેટલી યોગ્ય છે ? જો કે, સીટ બેલ્ટ ફરજિયાત અગાઉથી અમલમાં હોવા છતાંયે તે નિયમનું મોડે મોડે પણ કડક પાલન માટે સરકાર એલાન કરે તો તે પણ લોકોના ફાયદામાં જ છે. ભારતમાં વધી રહેલા અકસ્માતો અનેતેના કારણેવધી રહેલા મોત જોતા લોકોની સલામતી માટે જે પણ કરાય તેને આવકારવું જોઈએ. આ વાત લોકોના ફાયદાની છે તેના કારણે થોડાંક લોકોના પણ જીવ બચતા હોય તો કહેવાતી નવી જાહેરાત લેખે લાગશે. ભારતમાં વાહન અકસ્માતોની ઘટનાઓ બનતી રહેતી હોવા સાથે મોટા પ્રમાણમાં લોકો તેના કારણે મરે છે. ભારતમાં દર વર્ષે ૫ લાખ અકસ્માતો થાય છે અને તેમાં અંદાજે દોઢ લાખ લોકો મૃત્યું પામે છે. તેમાં પણ ૬૫ ટકાનો તો યુવાનો હોય છે. અકસ્માતના કારણે થતાં મોતમાં ભારત મોખરે છે. ભારત પછી બીજા નંબરે ચીન છે. ચીનમાં ૫૬ હજારની આસપાસ લોકો અકસ્માતમાં મરે છે. આ અકસ્માતો થવાના ઘણાં કારણો છે. તેમાં મુખ્ય કારણ કાયદાનો ડર નહીં હોવાના કારણે કરાતું બેફામ ડ્રાઈવિંગ છે. દારૂ પીને વાહનચલાવવું, મોબાઈલ ઉપર વાત કરતાં વાહન ચલાવવું કે સીટ બેલ્ટ ન બાંધવાના કારણે પણ મોટા પ્રમાણમાં રોડ એક્સિડન્ટ થઈ રહ્યાં છે અને તેમાં પણ ઘણાં લોકોના મોત નીપજે છે. જે લોકો આવી હરકતો કરે છે તેમને કઈ રીતે રોકવા એ મોટો સવાલ છે પણ કમ સે કમ તેમણે સીટ બેલ્ટ બાંધ્યા હોય તો મરે નહીં તેમાં મીનમેખ નથી. આ કારણે પણ આ નિયમ આવકારવા જેવો છે. જોકે, આપણે ત્યાં તકલીફ એ છે કે, સરકાર નિયમ બનાવી નાખે છે પણ પછી વિરોધ થતાં કે તેની રાજકીય રીતે ખરાબ અસર પડશે એવું લાગે છે એટલે પાણીમાં બેસી જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગડકરીએ બે વર્ષ પહેલા નવા મોટર વ્હીકલ એક્ટના અમલની જાહેરાત કરેલી. દેશમાં વાહન અકસ્માતો રોકવા માટે બનાવાયેલા નવા મોટર વ્હીકલ એક્ટનો ઉદ્દેશ શુભ હતો પણ આકરા દંડના કારણે ઉગ્રવિરોધ થતા કેન્દ્ર સરકારે ચુસ્ત અમલીકરણમાં ઉદાસીનતા સેવી હતી. ગડકરીએ મોટર વ્હીકલ એક્ટ ૨૦૧૯ને ઐતિહાસિક ગણાવ્યો હતો. તેમનો મત હતો કે આ કાયદો લાગુ થતા દેશમાં ૫૦ ટકા અકસ્માત ઓછા થઈ જશે. આ કાયદાના કારણે લોકોમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ વધશે અને અકસ્માતો ઘટશે તેથી મૃત્યુંઆંક પણ ઘટશે. જો કે, આકરા દંડના કારણે વિરોધ થતાં આકરા દંડની જોગવાઈઓને હળવી કરી દેવાઈ તેમાં તેનો ઉદ્દેશ સાવ મરી પરવાર્યો. અકસ્માતોને અટકાવવા માટે, જન સલામતીને ધ્યાને લઈને ક્યારેક આકરાં નિર્ણયો લેવા પડે તો સરકારે પીછેહઠ ન કરવી જોઈએ. દેશમાં વિકાસકામોમાં જિલ્લા-રાજયોને જોડતા નવા નવા માર્ગો બની રહ્યા છે. જેથી ઝડપભેર ગંતવ્ય સ્થળે પહોંચવા વાહનચાલક સીટ બેલ્ટ સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરે તે જરૂરી છે. જેના ભંગ બદલ પણ ત્વરિત કાર્યવાહી ધરવાની દિશામાં સરકાર આયોજન ગોઠવે તો જ લોકો કાયદાને અનુસરશે.

# ગુજરાતની જેલો હાઉસફૂલ, ક્ષમતા કરતા ૧૧૮ ટકા કેદી વધુ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૨

ગુજરાતની જેલમાં ૪૬૨૬ પાકા કામના કેદીઓ સજા ભોગવી રહ્યા છે. આ પૈકી ૧૮૧ કેદીઓ ગ્રેજ્યુએટ જ્યારે ૬૩ કેદીઓ પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવે છે જ્યારે ૮૨૮ કેદીઓ અશિક્ષિત છે. આ ઉપરાંત પાકા કામના કેદીઓમાંથી ૪૪૩૯ પુરૂષ-૧૮૩ મહિલા છે જ્યારે ચાર ટ્રાન્સજેન્ડર્સ છે. ગુજરાતની જેલમાં વિદેશી નાગરિકત્વ ધરાવતા દોષિતોમાંથી પાકિસ્તાનના ૭ અને અન્ય દેશના ૩ હોવાનું સામે આવ્યું છે. ગુજરાતની જેલોમાં કુલ ક્ષમતાં કરતાં ૧૧૮ ટકા વધારે કેદીઓ છે. સમુદ્ધ ગુજરાતની છાપ ધરાવતા રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ગુનાખોરીનો ગ્રાફ વધ્યો છે તેના કારણે રાજયભરની જેલમાં કેદીઓની સંખ્યામાં ચોંકવનારો વધારો થયો છે. મોટાભાગની જેલોમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓ હોવાથી હવે પરિસ્થિતિ બદલાઈ છે અને નવી જેલોનું નિમાર્ણ કરવું પડે તેવી નોબત આવી છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા પ્રિઝન સ્ટેટેસ્ટિક્સ ઓફ ઈન્ડિયા-૨૦૨૧માં જેલ અને કેદીઓ અંગેનો ચિતાર સામે આવ્યો છે. ગુજરાતમાં ચાર સેન્ટ્રલ જેલ, ૧૧ ડિસ્ટ્રિક્ટ જેલ, બે મહિલા જેલ, ચાર ઓપન જેલ સહિત કુલ ૩૨ જેલ આવેલી છે. આ જેલમાં કુલ ક્ષમતા ૧૩૯૯૯ કેદીઓની છે અને તેની સામે અંડર ટ્રાયલ-પાકા કામ સહિત કુલ કેદીઓ ૧૬૫૯૭ છે. આમ, ગુજરાતની જેલમાં ક્ષમતા કરતાં ૧૧૮.૬ ટકા કેદીઓ વધારે છે. સેન્ટ્રલ જેલમાં ૭૭૪૦ની ક્ષમતા સામે ૯૪૭૧ કેદીઓ, ડિસ્ટ્રિક્ટ જેલમાં ૩૫૨૯ની ક્ષમતા સામે ૪૭૨૪ કેદીઓ જ્યારે સબ જેલમાં ૧૪૭૦ કેદીઓ સામે ૨૦૫૩ કેદીઓ છે. આ સિવાય મહિલા જેલમાં ૪૧૦ની સામે ૨૦૩ કેદીઓ હોવાનું સામે આવ્યું છે. ગુજરાતની ચાર ઓપન જેલમાં ૨૦૦ની ક્ષમતા સામે કુલ ૧૧૦ કેદીઓ છે. કુલ ૧૧૨૧૪ પુરૂષ-૩૮૨ મહિલા અને ૩ ટ્રાન્સજેન્ડર્સ સહિત કુલ ૧૧૫૯૯ કેદીઓ અંડર ટ્રાયલ છે. આમ, જેલમાં દોષિતોનું પ્રમાણ ૨૭.૯ ટકા, અંડર ટ્રાયલ કેદીઓનું પ્રમાણ ૬૯.૯ ટકા, ડિટેઈનિસનું પ્રમાણ ૨.૨ ટકા છે. સેન્ટ્રલ જેલમાં ૩૭૨૫ દોષિત અને ૫૫૨૩ અંડર ટ્રાયલ કેદીઓ છે. મહિલા કેદીઓની વાત કરવામાં આવે તો ૯૪ દોષિત, ૧૦૨ અંડર ટ્રાયલ્સ, ૭ ડિટેઈનિસ છે. ગુજરાતની જેલમાં ૪૬૨૬ દોષિતોમાંથી ૪૩૮૬ ગુજરાતના, ૨૨૮ અન્ય રાજ્યના જ્યારે ૧૨ વિદેશના છે. અંડર ટ્રાયલ્સ કેદીઓમાંથી ૨૪૦૪ અશિક્ષિત, ૫૯૯૬ ધોરણ-૧૦થી ઓછું, ૨૩૩૯ કેદીઓ ગ્રેજ્યુએશનથી ઓછું, ૫૮૦ ગ્રેજ્યુએટ, ૧૫૩ ટેકિનકલ ડિગ્રી-ડિપ્લોમા ધરાવતા જ્યારે ૧૨૭ પોસ્ટ ગ્રેજ્યુએટ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિશ્વાસનો અભાવ એ અજ્ઞાનતા છે.

- સ્વામિ રામતિર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.ફરવરદીન-૧૩૯૨, મુ. સફર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, ભાદરવા વદ-૨ ત્રીજનું શ્રાધ્ધ, પંચક તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૧૫, ઉત્તરા ભાદ્રપ્રદા નક્ષત્ર, ગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૨-૯-૨૦૨૨ થી ૧૮-૯-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમ્યાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનનો શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમ્યાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમ્યાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમ્યાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુકશાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનાસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય. જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. આ સમય દરમ્યાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનાથી મનાદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. અનૈતિક કાર્યોતરફથી મન ખેંચાય પરંતુ એપ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂકિત મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નોહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમ્યાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમ્યાન હાનિનો સંભવ છે જેથી બનો તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમ્યાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે.

# ભારતમાં બંધુઆ મજૂરીની પ્રથા અસ્તિત્વમાં નથી આ એક પ્રકારનું રેકેટ છે : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૧૨ સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશમાં કોઈ બંધુઆ મજૂર નથી અને બંધુઆ મજૂરીના બહાને એક રેકેટ ચાલી રહ્યું છે. તેના માલિક દ્વારા કથિત રીતે વારંવાર બળાત્કાર ગુજારવામાં આવેલ મહિલા અંગે સ્વામી અગ્નિવેશ દ્વારા દાખલ કરાયેલી અરજી ઉપર સુનાવણી કરતી વખતે કોર્ટે આ અવલોકન કર્યુંહતું. બાર અનેબેંચના જણાવ્યા અનુસાર, જસ્ટિસ હેમંત ગુપ્તાએ કહ્યું હતું કે બોન્ડેડ મજૂરો વાસ્તવમાં બંધાયેલા નથી પરંતુ તેઓનેકામ માટે પૈસા ચૂકવવામાં આવે છે અને પછી તે રાજીનામું આપે છે. શું તમે જાણો છો કે બંધાયેલા મજૂરો કોણ છે ? તેઓ બંધાયેલા નથી. તેઓ પૈસા લઈને ત્યાં આવે છે અને ઈંટોના ભઠ્ઠાઓમાં કામ કરે છે. તેઓ પછાત વિસ્તારોમાંથી આવે છે. તેઓ પૈસા લે છે અને પૈસા ખાય જાય છે અને પછી રાજીનામું આપે છે. આ એક રેકેટ છે. આ મજૂરો આ બંધુઆ મજૂર પ્રથાનો લાભ લે છે. ૨૦૧૨માં મૃતક સામાજિક કાર્યકર સ્વામી અગ્નિવેશ દ્વારા દાખલ કરાયેલા કેસની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશે આ અવલોકનો કર્યા હતા. જાહેર હિતની અરજીએ સર્વોચ્ચ અદાલતને હસ્તક્ષેપ કરવા અને જમ્મુ અને કાશ્મીર પોલીસનેએક બંધુઆ મજૂર દ્વારા કથિત બળાત્કાર અને અન્ય ગુનાઓની તપાસ કરવા નિર્દેશ આપવા હતું. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે એક બંધુઆ મજૂરનો પતિ સુવિધામાંથી ભાગી ગયા બાદ બાંધકામ એકમના માલિક દ્વારા તેણી ઉપર વારંવાર બળાત્કાર કરવામાં આવ્યો હતો. આ પીઆઈએલમાં એમ પણ કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં અન્ય બંધુઆ મજૂરોની ઓળખ કરવી જોઈએ, તેમને મુક્ત કરવા જોઈએ અને તેમનું પુર્નઃવસન કરવું જોઈએ. અરજદારના વકીલના જણાવ્યા અનુસાર, અરજદારે જણાવ્યું હતું કે ઘણા બંધુઆ મજૂરો જાતીય સતામણીનો ભોગ બન્યા હતા અને તેમની મુક્તિના ૧૦ વર્ષ પછી પણ તેમને કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નથી. જ્યારે કેટલાક વર્ષો પહેલા આ પીઆઈએલ કરવામાં આવી હતી, ત્યારે સર્વોચ્ચ અદાલતે પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) અને કેસની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જમ્મુ અને કાશ્મીરના સ્થાયી વકીલ, એડવોકેટ તરૂણા એ. પ્રસાદ દ્વારા જાણ કરવામાં આવી હતી કે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને તપાસ શરૂ કરવામાં આવી હતી પરંતુ પીડિતા અજાણી વ્યક્તિ હતી, જેના કારણે આ કેસ ૨૦૧૮માં બંધ થઈ ગયો હતો. અને અગ્નિવેશના મૃત્યુ પછી આ કેસમાં વધુ કઈ બાકી રહેતું નથી. જ્યારે અરજદારના વકીલે જણાવ્યું કે બંધુઆ મજૂરોના મુખ્ય મુદ્દાઓ સાથે વ્યવહાર કરવાની જરૂર છે, ત્યારે કોર્ટે અવલોકન કર્યું હતું કે બંધુઆ મજૂરી જેવી કોઈ પ્રથા અસ્તિત્વમાં નથી. કોર્ટે કહ્યું કે સરકારે વિગતવાર જવાબ દાખલ કર્યો છે અને કાયદા હેઠળ જો જરૂર પડશે તો તે ઉપાયાત્મક પગલાં લેશે.

# બે પાકિસ્તાનીઓને વૈશ્વિક આતંકી જાહેર કરવા ભારત અને ફ્રાન્સ UNSC પહોંચ્યા

(એજન્સી) તા.૧૨ ફ્રાન્સના વિદેશમંત્રી કેથરીન કોલોના આગામી બુધવારે તેમના પહેલા ભારત પ્રવાસે આવશે. પરંતુ આ પ્રવાસના થોડા સમય પહેલાં યુએનએસસીમાં ફ્રાન્સે આતંકવાદ મુદ્દે ભારતનો સાથ આપ્યો છે. ફ્રાન્સે પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ આતંકવાદીના મોહિઉદ્દીન ઔરંગઝેબ આલમગીર અને અલી કાશિફ જાનને યુએનએસસી ૧૨૬૭ પ્રતિબંધ સમિતિ દ્વારા વૈશ્વિક આતંકવાદી ઘોષિત કરવાના ભારતના પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. મંત્રીના તરીકે પોતાના પહેલા પ્રવાસે કોલોના ૧૪થી ૧૫ સપ્ટેમ્બરે દિલ્હીમાં રહેશે અને દેશના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરશે. હિન્દુસ્તાન ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, ઔરંગઝેબ આલમગીર ૨૦૧૯ પુલવામા હુમલામાં જૈશ-એ- મોહમ્મદ તરફથી મુખ્ય કડી હતો. આ મામલે જાણકાર અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, ઔરંગઝેબ આલમગીર ઉર્ફે મુજાહિદભાઈ અને અલી કાશિફ જાન ઉર્ફે જાન અલી કાશિફને ૧૨ એપ્રિલે ગૃહ મંત્રાલયે યુએપીએ હેઠળ આતંકવાદી ઘોષિત કર્યા હતા. પાકિસ્તાનના બહાવલપુરમાં રહેનારા આલમગીર ૨૦૧૯માં પુલવામા આતંકી હુમલામાં માસ્ટરમાઈન્ડ હતો. આલમગીર ફંડ એકઠું કરવાનો અને ઘૂસણખોરીનો કમાન્ડર હતો. ૨૦૧૯માં પુલવામા આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. અધિકારીઓએ કહ્યું હતું કે, આલમગીર જમ્મુ-કશ્મીરમાં અફઘાન આતંકવાદીઓની ઘૂસણખોરીની સાથે-સાથે ખીણમાં આતંકી હુમલાઓ માટે પણ જવાબદાર છે. અધિકારીઓએ આતંકી કાશિફના વિશે જણાવતા કહ્યું હતું કે, ખૈબર પખ્તૂનખ્વાના ચરસદ્દાનો રહેનાર કાશિફ જાન ઓપરેશનલ કમાન્ડર છે અને મસૂદ અઝહર એલ્વી ફેમિલી એન્ટરપ્રાઈઝ દ્વારા સંચાલિત બહાવલપુરમાં સ્થિત જૈશ સમૂહની મુખ્ય પ્લાનિંગ કમિટીનો સદસ્ય પણ છે. કાશિફ ૨૦૧૬માં પઠાનકોટ વાયુસેના સ્ટેશન હુમલામાં સામેલ આતંકવાદીઓનો હેન્ડલર હતો અને રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા તપાસ હેઠળ કેટલાય કેસોમાં મુખ્ય આરોપી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જૈશના પ્રમુખ કમાન્ડરોમાંથી એક કાશિફ, જમ્મુમાં સીમા રેખાની પાર આતંકી સંગઠનને સંચાલિત કરતો હતો. ઉપરાંત તે પાકિસ્તાની સેનાના કવર ફાયરની હેઠળ ભારતમાં ઘૂસણખોરોને મોકલવા માટે કાવતરાં ઘડતો હતો.

# સોશિયલ મીડિયાને રેગ્યુલેટ કરવા માટે સરકાર મિકેનિઝમ લાવવાની તૈયારીમાં

નવી દિલ્હી તા.૧૨ કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે ટૂંક સમયમાં એક મિકેનિઝમ રજૂ કરશે. તેમાં પ્લેટફોર્મ ઉપરથી યુઝર્સને પ્રતિબંધિત કરવાનું પણ સમાવેશ થશે. કેન્દ્રએ કહ્યું કે, ફ્રેમવર્ક પ્રસ્તાવિત છે. તેથી સોશિયલ મીડિયા એકાઉન્ટ સસ્પેન્ડ કરવાના હાલના કેસોનો નિકાલ હાલના નિયમો અનુસાર કરવાનો રહેશે. જસ્ટિસ યશવંત વર્મા સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા વકીલે આ દલીલ કરી હતી. જસ્ટિસ વર્મા ટ્વિટર યુઝર્સ સહિત અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મના યુઝર્સના એકાઉન્ટ સસ્પેન્ડ કરવા સામેની વિવિધ અરજીઓની સંયુક્ત રીતે સુનાવણી કરી રહ્યા હતા. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડવોકેટ કીર્તિમાનસિંહે કહ્યું કે, અમે તમારા (અંતિમ) આદેશના સંદર્ભમાં વિચારણા કરી છે. સુધારા પણ કરીશું, પરંતુ અમને ખરેખર ખબર નથી (ક્યારે), તે પ્રસ્તાવિત છે અને (તેથી) આ બાબતો કદાચ નક્કી કરવી પડશે (હાલની યોજના મુજબ). ત્યારપછીના ડેવલમેન્ટ અંગે જાણ કરવા માટે કેન્દ્રને વધુ સમય આપતાં કોર્ટે અરજીઓને ૧૯ ડિસેમ્બર સુધી મુલતવી રાખી અને કહ્યું તમે (કેન્દ્ર) જે નિયમનકારી સત્તાઓને અમલમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે તેના સંદર્ભમાં અમે એ પણ જાણવા માંગીએ છીએ કે અમારૂં અધિકારક્ષેત્ર શું છે ? બુધવારે સુનાવણી દરમ્યાન કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સૂચિત માળખાના સંદર્ભમાં સોશિયલ મીડિયા એકાઉન્ટને સસ્પેન્ડ કરવા અને કાઢી નાખવાની હાલની ફરિયાદો પર શા માટે કાર્યવાહી કરવામાં આવતી નથી. કોર્ટે કહ્યું કે તે અગાઉની અરજીઓ ઉપર નવી સિસ્ટમની અસરને સમજવા માંગે છે. અરજીઓમાં વરિષ્ઠ એડવોકેટ સંજય હેગડેની એક અરજી પણ સામેલ છે, જેમના ખાતાઓ કથિત રીતે બે પોસ્ટને રિટ્વિટ કરવા બદલ કાયમી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# રણબીર-આલિયા સામે વિરોધ : કોંગ્રેસે આ વિરોધને રાજકીય આતંકવાદ ગણાવ્યો, ભાજપે ક્લિનચીટ આપીને કેસરી બ્રિગેડનો બચાવ કર્યો



ભોપાલ, તા.૧૨ અભિનેતા રણબીર કપૂર અને અભિનેત્રી આલિયા ભટ્ટ વિરૂધ્ધ 'બીફ' નિવેદન માટે હિન્દુ સંગઠનના વિરોધને વિપક્ષ કોંગ્રેસે રાજકીય આતંકવાદ ગણાવ્યો છે. બજરંગ દળના લોકોએ રણબીરના દાયકા જૂના "હું એક બીફ ખાનાર વ્યક્તિ છું" નિવેદનનો વિરોધ કર્યો છે, જેના લીધે બોલિવૂડ અભિનેતા રણબીર કપૂર અને સગર્ભા અભિનેત્રી પત્ની આલિયા ભટ્ટને મધ્યપ્રદેશના શહેર ઉજજૈનમાં વિશ્વ પ્રસિદ્ધ મહાકાલ મંદિરમાંથી પ્રાર્થના કર્યા વિના પાછા ફરવાની ફરજ પડી હતી. જો કે, રાજયના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાએ વર્ચ્યુઅલ રીતે કેસરી બ્રિગેડને ક્લીનચીટ આપી હતી, અને જણાવ્યું હતું કે, કોઈએ રણબીર અને આલિયાને મંદિરમાં પૂજા કરતા રોક્યા ન હતા, સ્થાનિક લોકોની વિનંતીઓ છતાં તેઓએ જાતે જ ત્યાં ન જવાનો નિર્ણય લીધો હતો. તેમના તીવ્ર જમણેરી હિંદુ સમર્થક વલણ માટે જાણીતા આ મંત્રીએ ઉમેર્યું હતું કે, વિરોધ અને મંદિરમાં પ્રાર્થના ન કરવી એ બંને અલગ બાબતો છે. સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા પર્યાપ્ત સુરક્ષાની ખાતરી હોવા છતાં, અને વિરોધીઓ સામે કાર્યવાહી પહેલેથી જ કરવામાં આવી હતી પણ તેઓએ અંગત કારણોસર મંદિરમાં પ્રાર્થના કરી ન હતી. જો કે, દિગ્દર્શક અયાન મુખરજી સહિત ફિલ્મ ક્રૂના અન્ય સભ્યોએ મંદિરમાં પ્રાર્થના કરી હતી. મિશ્રા અભિનેતા દંપતીને સલાહ આપી હતી કે, રણબીર કે અન્ય કોઈ પણ વ્યકિત હોય, કલાકારોએ લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચે તેવા નિવેદનો આપવાનું ટાળવું જોઈએ. અમે ઉજ્જૈન જિલ્લા વહીવટીતંત્ર પાસેથી સમગ્ર ઘટના અંગે વિગતવાર અહેવાલ માંગ્યો છે, એકવાર રિપોર્ટ અમારી પાસે આવશે, એ પછી આ બાબત વધુ સ્પષ્ટ થશે. આ ઘટના ઉપર પ્રતિક્રિયા આપતા, રાજ્ય કોંગ્રેસના મીડિયા વિંગના વડા કેકે મિશ્રાએ ટ્વિટ કર્યું કે, રાજકીય આતંકવાદથી ગભરાઈને, અભિનેતા દંપતી ઉજજૈનનથી મહાકાલ મંદિરમાં પ્રાર્થના કર્યા વિના પરત ફર્યા હતા. અને ગૃહ પ્રધાને ગુંડાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાને બદલે, ખરેખધ્ તેમને ક્લીનચીટ આપી છે. ટ્વિટર ઉપર શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર નિશાન સાધ્યું છે. ફિલ્મ કલાકારો સાથે મોદીની જૂની તસ્વીર શેર કરતાં તેણીએ લખ્યું છે કે, જો તમે મૂક દર્શક બનીને આ નફરત કરનારા લોકોને સમર્થન આપવાનું ચાલુ રાખશો અને માનશો કે રાજકારણની વાત કરવી એ તમારો વ્યવસાય નથી તો તેઓ ગમે તેમ કરીને તમારી પાછળ આવશે. મહાકાલેશ્વર મંદિરનો વિરોધ ઉજજૈનમાં માત્ર એક કિસ્સો છે. શરમજનક વાત છે કે રાજકીય પૂર્વગ્રહ આવી કુરૂપતા તરફ દોરી જાય છે. દરેક મૂવીની રિલીઝ પહેલાં આ પસંદગીનો વિરોધ એક ઉદ્યોગ અને લોબી બની ગયો છે, જો સામૂહિક રીતે તેને બંધ કરવામાં નહીં આવે તો આપણે ઝડપથી નફરત, ભય અને પાતાળમાં ધકેલાઈ જઈશું. મનોરંજન ઉદ્યોગ રોજગાર આપે છે, અને લાખો તેના ઉપર નિર્ભર છે. માટે તમારે આ વિષે બોલવું જોઈએ. તેમની આગામી ફિલ્મ, બ્રહ્માસ્ત્રઃ ભાગ એક શિવ ના સમગ્ર લોકો અને ક્રૂ, મહાકાલ મંદિરમાં પ્રાર્થના કરવા માટે મુંબઈથી ઈન્દોર ગયા હતા. પરંતુ કાળા ધ્વજ સાથે બજરંગ દળના વિરોધીઓએ રણબીરના ૨૦૧૧ના ઈન્ટરવ્યુ ઉપર ગુસ્સે થયા હતા જેમાં તેણે ઉલ્લેખ કર્યો હતો કે, "હું મટન, પાયા, બીફ ખાઉં છું. હું બીફ ખાનાર વ્યક્તિ છું. આ દરમ્યાન મહાકાલ પોલીસે વિરોધ દરમ્યાન એક પોલીસ અધિકારી ઉપર હુમલો કરવા બદલ બજરંગ દળના કાર્યકર દિલીપલોહર વિરૂદ્ધ કેસ નોંધ્યો હતો. સુરક્ષા સંબંધિત પાસાઓ માટે એક પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. પ્રાર્થના કર્યા વિના આ બોલિવૂડના દંપતી પછી ફરી જતાં તેમની સફળતાથી ઉત્સાહિત, વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનારા બજરંગ દળના નેતા અંકિત ચૌબેએ કહ્યું કે, અમે કોઈ પણ સંજોગોમાં તેમને મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપી ન હોત. અમે અન્ય કોઈ બીફ ખાનાર વ્યક્તિને મંજૂરી આપીશું નહીં. ભવિષ્યમાં પણ મહાકાલ મંદિરમાં બિફ ખાનારનો પ્રવેશ પ્રતિબંધિત છે. અમે રાજયના ગૃહમંત્રીને ઉજજૈન જિલ્લા કલેક્ટર વિષે પણ જાણ કરવા જઈ રહ્યા છીએ જેમણે બીફ ખાનાર રણબીર કપૂર અને તેની પત્નીને તેમના સત્તાવાર નિવાસસ્થાન ઉપર આમંત્રિત કર્યા હતા.

# રાજપથથી કર્તવ્ય પથ : દિલ્હીના પ્રતિષ્ઠિત રસ્તાનો ૧૦૦ વર્ષ જૂનો ઈતિહાસ જાણો

નવી દિલ્હી, તા.૧૨ કર્તવ્ય પથની સાથે પુનરોત્થાન કેન્દ્ર વિસ્ટા એવન્યુનું તાજેતરમાં એક ખાસ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલની વિશેષ બેઠકમાં લેવાયેલા ઔપચારિક નિર્ણયને પગલે રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી વિસ્તરેલા પ્રતિષ્ઠિત રાજપથનું નામ બદલીને કર્તવ્ય પથ કરવામાં આવ્યું છે. ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ રસ્તાઓમાંના એક તરીકે ગણવામાં આવતા રાજપથ એ વિસ્તાર છે જયાં ૨૬ જાન્યુઆરીએ વાર્ષિક ગણતંત્ર દિવસ પરેડ થાય છે. તેનો ઉપયોગ દેશના મુખ્ય રાજકીય નેતાઓની અંતિમયાત્રા માટે પણ થાય છે. પ્રતિકાત્મક ત્રણ કિલોમીટરના રાજપથનો ઈતિહાસ વર્ષ ૧૯૧૧નો છે જયારે દિલ્હીને ભારતની રાજધાની તરીકે વિકસાવવામાં આવી રહી હતી. આવો જાણીએ રાજપથનો ઈતિહાસ અને તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો. રાજપથથી કર્તવ્ય પથ સુધીની યાત્રા એક સમયે બ્રિટિશ શાસન દરમ્યાન 'કિંગ્સવે' તરીકે ઓળખાતું, રાજપથ એક ઔપચારિક માર્ગ છે જે રાયસીના હિલ ઉપરના રાષ્ટ્રપતિ ભવનથી વિજય ચોક અને ઈન્ડિયા ગેટ થઈને પુરાણા કિલા ઉપર સમાપ્ત થાય છે. ૧૯૧૧માં બ્રિટિશ શાહી સરકાર અને વાઈસરીગલ વહીવટીતંત્રે નક્કી કર્યું કે બ્રિટિશ ભારતીય સામ્રાજયની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવી જોઈએ. તદનુસાર નવી દિલ્હી જિલ્લા ઉપર નિર્માણ, જે ભારતીય સામ્રાજયની હેતુનિર્મિત વહીવટી રાજધાની તરીકે કામ કરશે, તે વર્ષમાં શરૂ થયું. બ્રિટિશ રાજ નવા શહેરનું નિર્માણ કરવા માટે ૨૦મી સદીના અગ્રણી બ્રિટિશ આર્કિટેક્ટ્‌સમાંના એક સર એડવિન લ્યુટિયન તરફ વળ્યું. લ્યુટિયન્સે ઔપચારિક અક્ષની આસપાસ કેન્દ્રિત આધુનિક શાહી શહેરની કલ્પના કરી હતી, જેમ કે અક્ષ એક વિશાળ માર્ગ છે જેને હવે રાજપથ કહેવામાં આવે છે. લ્યુટિયનને વાઈસરેગલ પેલેસમાંથી દિલ્હી શહેરનું મનોહર દશ્ય જોઈતું હતું. પરિણામે રાજપથ અને ઈન્ડિયા ગેટ ઉપર રાયસિના હિલનો નજારો કોઈ અવરોધ વિના માણી શકાય છે અને વિકિપીડિયાના જણાવ્યા અનુસાર માત્ર નેશનલ સ્ટેડિયમ દ્વારા જ અવરોધાય છે. રાજપથની આસપાસની મોટાભાગની ઈમારતો લ્યુટિયન્સ અને પ્રોજેક્ટના બીજા આર્કિટેક્ટ સર હર્બર્ટ બેકર દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. સર એડવિન લ્યુટિયનને નવી દિલ્હીની રચનામાં તેમના અમૂલ્ય યોગદાન બદલ 'ગ્રેટેસ્ટ બ્રિટિશ આર્કિટેક્ટ'નો ખિતાબ પણ એનાયત કરવામાં આવ્યો હતો, જેના માટે શહેરનું નામ અગાઉ તેમના નામ ઉપર રાખવામાં આવ્યું હતું અને તેમના સન્માનમાં 'લ્યુટિયન્સ દિલ્હી' તરીકે ઓળખવામાં આવ્યું હતું. ભારતના સમ્રાટ જ્યોર્જ પંચમના માનમાં આ રસ્તાનું નામ શરૂઆતમાં કિંગ્સવે અથવા કિંગ્સવે રાખવામાં આવ્યું હતું, જેમણે ૧૯૧૧ના દરબાર દરમિયાન દિલ્હીની મુલાકાત લીધી હતી અને રાજધાની ખસેડવાના નિર્ણયની ઔપચારિક જાહેરાત કરી હતી. ભારતે આઝાદી મેળવ્યા પછી, રસ્તાને તેના અંગ્રેજી હોદ્દાને બદલીને હિન્દી નામ, 'રાજપથ' આપવામાં આવ્યું હતું.

# આજે ભારત આર્થિક દ્રષ્ટીએ જાપાન ૧૯૭૦માં, દક્ષિણ કોરિયા ૧૯૮૦માં અને ચીન ૧૯૯૦માં હતું તે સ્થાને છે

ટોકયો તા.૧૨ ભારત યુનાઈટેડ કિંગડમને પછાડીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. આ બીજીવખત છે જ્યારે ભારતે યુકેને પાછળ છોડી દીધું છે, પરંતુ અમારી વૃદ્ધિ ધીમી પડી હતી, અને અમે ફરીથી પાછળ રહી ગયા હતા. આપણી આગળ જર્મની, જાપાન, ચીન અને યુનાઈટેડ સ્ટેટ્‌સ છે. ચારમાંથી બે એશિયન રાષ્ટ્રો છે તે આપણને આશા આપે છે કે આપણે પણ એક વિકસિત અને સમૃદ્ધ રાષ્ટ્ર બની શકીએ છીએ. દેશની અર્થવ્યવસ્થાનું એકંદર કદ એ ગ્રોસડોમેસ્ટિક પ્રોડક્ટને જોવાની એક રીત છે. બીજી રીત પ્રતિ વ્યક્તિ જીડીપી જોવાની છે. ભારતની વસ્તી યુકે કરતા ૨૦ ગણી વધુ છે તેને ધ્યાનમાં રાખવું જોઈએ. અમારી માથાદીઠ જીડીપી $2,200 છે, જે લગભગ રૂા. ૧.૭૫ લાખ/ વર્ષ અથવા રૂા. ૧૪,૫૦૦/મહિને છે. યુકેની સરેરાશ આવક $47,000 અથવા રૂા. ૩૭ લાખ/વર્ષ છે. પ્રશ્ન એ છે કે આપણે તે તબક્કે કેવી રીતે પહોંચી શકીએ. જો તાજેતરના ભૂતકાળમાં દક્ષિણ કોરિયા ($34,000), જાપાન ($39,000) અને ચીન ($12500) સહિત અન્ય રાષ્ટ્રો ત્યાં પહોંચી ગયા હોય તો ચોક્કસપણે આપણા માટે પણ તે શક્ય છે. વિશ્વ બેંક એવા દેશોને નીચી મધ્યમ આવક ધરાવતા દેશોને વ્યાખ્યાયિત કરે છે જ્યાં વ્યક્તિ દીઠ જીડીપી $1,036 અને $4,045ની વચ્ચે હોય છે ($2200 ઉપર અમે નીચી મધ્યમ આવક ધરાવતો દેશ છીએ અને ૨૦૦૮થી આ સ્થાને છીએ). ઉચ્ચ મધ્યમ આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓ એવી છે કે જેની માથાદીઠ રાષ્ટ્રીય આવક $4,046 અને $12,535ની વચ્ચે છે. આ ત્રણેય આર્થિક રીતે સફળ એશિયાઈ રાષ્ટ્રોનું એક રસપ્રદ પાસું એ છે કે તેમના વિકાસ દરના સૌથી ઉચ્ચ તબક્કાઓ ત્યારે આવ્યા હતા જ્યારે તેઓ આજે આપણે જ્યાં છીએ ત્યાં હતા. ૧૯૭૦માં જાપાન અમારા સ્તરે ($2056) હતું. ૧૯૮૦ના દાયકામાં, તેણે તેની અર્થવ્યવસ્થામાં વાર્ષિક ૧૬%નો વધારો કરીને $9463 સુધી પહોંચી ગયું. તેના પછીના ચાર દાયકામાં તે સરેરાશ ૩.૫%ના વૃદ્ધિ દર સાથે $39,000 સુધી પહોંચ્યો. ૧૯૮૩માં દક્ષિણ કોરિયા $2198 ઉપર હતું. ૧૦ વર્ષથી ૧૯૯૩માં, તે રાષ્ટ્ર દર વર્ષે તેનો GDP 15% વધીને $8884 સુધી પહોંચ્યો. તે પછી તે પછીના ત્રણ દાયકાઓ સુધી દર વર્ષે લગભગ ૫%ના દરે વૃદ્ધિ પામી રહ્યો હતો. સૌથી તાજેતરની વાત ચીનની છે. ચીનમાં આપણા જેટલી જ વધુ વસ્તી છે. અને તે એક સમયે અમારા જેટલુ ગરીબ હતું. વિશ્વ બેંકના આંકડા દર્શાવે છે કે ૧૯૬૦માં ભારતની માથાદીઠ આવક $82 હતી, જ્યારે ચીનની $89 હતી. ૧૯૭૦માં, અમે $112 ઉપર હતા અને ચીન $113 ઉપર હતું. ૧૯૮૦માં ભારત $266 અને ચીન $194 ઉપર હતું. ૧૯૯૦માં, એટલે કે ૩૨ વર્ષ પહેલાં, ભારત $367 અને ચીન $317 ઉપર હતું. આમ ૧૯૯૦માં છેલ્લી વખત અમે તેમનાથી આગળ હતા. ૨૦૦૦માં, અમે $1357 હતા અને ચીન $4450 હતું. આજે અમે $2277 ઉપર છીએ અને ચીન $12,556 ઉપર છે. તેઓએ આ કેવી રીતે કર્યું ? ૧૯૯૦ અને ૨૦૦૦ની વચ્ચે ૧૧%ના દરે વૃદ્ધિ પામીને, અને પછી ૨૦૦૦થી ૨૦૧૦ની વચ્ચે દર વર્ષે ૧૬.૫%ના દરે વૃદ્ધિ પામીને અને પછી છેલ્લા દાયકામાં ૧૦% ના દરે વૃદ્ધિ પામીને તે આ સ્થાને આવ્યું છે. બીજી બાજુ, આ સમાન સમયગાળામાં, અમે માત્ર ૬% ના દરે વૃદ્ધિ કરી હતી. દર વર્ષે ૧૫% ના દરે વૃદ્ધિ કરવી એ એક આશ્ચર્યજનક સિદ્ધિ છે જે આપણે ક્યારેય હાંસલ કરી નથી, પરંતુ આ ત્રણેય રાષ્ટ્રોએ ગરીબીમાંથી બચવા માટે ઘણા વર્ષોમાં સતત તે હાંસલ કર્યું છે. જાપાન ટોયોટા, સોની, હોન્ડા, પેનાસોનિક, યામાહા વગેરે જેવી વિશ્વની સર્વોચ્ચ ગુણવત્તાની ગ્રાહક બ્રાન્ડ બનાવવા સક્ષમ હતું. તમામ રાષ્ટ્રોના ગ્રાહકો તેમની કાર, પિયાનો, વોકમેન સેટ અને ટીવી માટે ચૂકવણી કરવા તૈયાર હતા. તેમની પાસે મિત્સુબિશી જેવી ઔદ્યોગિક કંપનીઓ પણ હતી. એ જ રીતે, દક્ષિણ કોરિયાએ એન્જિનિયરિંગ જાયન્ટ્‌સ હ્યુન્ડાઈ અને સેમસંગ અને એલજી જેવી ગ્રાહક બ્રાન્ડ્‌સ બનાવી. ચીને ચોક્કસ એ જ માર્ગને અનુસર્યો ન હતો પરંતુ વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બન્યું હતું. ખર્ચ અને કાર્યક્ષમતાના લાભને કારણે ચીનમાં વ્યવસાયોએ સ્થાનાંતર કર્યું અથવા કામગીરી શરૂ કરી. ત્રણેય રાષ્ટ્રો આગળ વધ્યા અને તેમણે ઈલેક્ટ્રોનિક્સ અને સેમી-કન્ડક્ટરના ઉત્પાદનમાં ઉદ્યોગો વિકસાવ્યા છે. ભારતે તેની સફળતાને પુનરાવર્તિત કરવા માટે એ શોધવું પડશે કે તેઓએ જે કર્યું તે કેવી રીતે કરવું પરંતુ ત્યાં સુધી પહોંચવાનો આ એકમાત્ર રસ્તો નથી. ખુલ્લી અર્થવ્યવસ્થા ન હોવા છતાં અને ગંભીર પ્રતિબંધો હેઠળ હોવા છતાં ક્યુબા ($10,000)ની માથાદીઠ આવક અને આરોગ્ય અને શિક્ષણ વિશ્વ સ્તરના ધોરણો ઉપર છે. એક બીજી રીત પણ છે, જેમાં અન્ય રાષ્ટ્રો જેઓ આજે વિકસિત કહેવાય છે, આધુનિક યુગમાં તેઓએ સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે અને તે સ્વતંત્ર ન્યાયતંત્ર અને ફોજદારી ન્યાય પ્રણાલી સહિત પારદર્શક અને કાર્યકારી લોકશાહી દ્વારા આ સ્થાને આવ્યા છે. આ એવી વસ્તુઓ છે જે ફક્ત લોકશાહી જ પ્રદાન કરી શકે છે અને તે જુલમી વ્યવસ્થા નથી અને આ જ કારણોસર, એવા રાષ્ટ્રો આ સિદ્ધિ મેળવી શકયા નથી જે સરમુખત્યારશાહી હેઠળ છે. ભારત આજે એવી જ રીતે ટોચ ઉપર છે જે રીતે જાપાન, દક્ષિણ કોરિયા અને ચીન જ્યારે માથાદીઠ $2000ની આસપાસ હતા. શું આપણે તેમની જેમ છલાંગ લગાવી શકીએ ? આપણે બધા ચોક્કસપણે આવું ઈચ્છીએ છીએ. પરંતુ આવું કરવા માટે કંઈક બદલવું પડશે. ૨૦૦૪ અને ૨૦૧૪ વચ્ચેના ૧૦-વર્ષના સમયગાળામાં ($627થી $1573 સુધી ૯% ના દરે વૃદ્ધિ પામતા) અમારા સાથી એશિયનો દ્વારા હાંસલ કરેલા વિકાસ દરની જેમ અમે નજીક હતા. આ વાત માત્ર રાજકીય પક્ષો વિષે નથી. તે સમયગાળામાં વૈશ્વિક વેપારમાં તેજી આવી હતી અને તેથી અમારી નિકાસ ઝડપથી વધી હતી. તે તેજી હવે મંદીમાં ફેરવાઈ ગઈ છે અને હવે આપણે તેનો લાભ લઈ શકતા નથી. ૨૦૧૪ પછી અમારી વૃદ્ધિ ૫%ની આસપાસ સરેરાશ રહી છે. જો આમ ચાલતું રહેશે તો આપણે ઈજિપ્ત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશની જેમ અહીં જ રહીશું. હકીકત એ છે કે તે માત્ર અમુક દુર્લભ રાષ્ટ્રો જ છે જે આર્થિક રીતે સફળતા પ્રાપ્ત કરી શકે છે.

# ૨૧મી સદીના ભારતના વિકાસમાં વિજ્ઞાન એ ઉર્જા સમાન છે, જે દરેક ક્ષેત્ર અને રાજયના વિકાસને વેગ આપવાની શકિત ધરાવે છે : વડાપ્રધાન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્કલેવ'માં સંબોધન કર્યુ






અમદાવાદ તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સેન્ટર સ્ટેટ સાયન્સ કોન્ફલેવનું ઉદઘાટન કરતાં ભારપૂર્વક જણાવ્યું કે, આ કોન્કલેવનું આયોજન સબકા પ્રયાસનું સ્પષ્ટ ઉદાહરણ છે. સાયન્સ સીટીમાં યોજાયેલી આ કોંકલેવમાં દેશના વિવિધ રાજ્યોના સાયન્સ-ટેક્નોલોજી મંત્રીશ્રીઓ તથા સચિવો સહભાગી થયા હતા.

પ્રધાન મંત્રીએ ઉમેર્યું કે, ૨૧મી સદીના ભારતના વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા સમાન છે, જે દરેક ક્ષેત્રના વિકાસ અને દરેક રાજ્યના વિકાસને વેગ આપવાની શક્તિ ધરાવે છે, આજે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના વિજ્ઞાન અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં વહીવટ અને નીતિ નિર્માણમાં લોકોની જવાબદારી નોંધપાત્ર રીતે વધી જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યુંહતું કે વિજ્ઞાન એ ઉકેલો, ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર છે. અને આ પ્રેરણાથી જ આજનો નવો ભારત જય જવાન જય કિસાન, જય વિજ્ઞાન તેમજ જય અનુસંધાન સાથે આગળ વધી રહ્યો છે.

ઈતિહાસમાંથી આપણે જે પાઠ શીખી શકીએ છીએ તે કેન્દ્ર અને રાજ્યો બંનેને મદદરૂપ થશે તેનો વિશેષ ઉલ્લેખ કરતા વડાપ્રધાનએ કહ્યું કે, જો આપણે છેલ્લી સદીના શરૂઆતના દાયકાઓને યાદ કરીએ, તો આપણને ખબર પડે છે કે વિશ્વ કેવી રીતે વિનાશ અને દુર્ઘટનાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું હતું. પરંતુ તે યુગમાં પણ પૂર્વ હોય કે પશ્ચિમ, દરેક જગ્યાએ વૈજ્ઞાનિકો તેમની મહાન શોધમાં વ્યસ્ત હતા. પશ્ચિમમાં આઈન્સ્ટાઈન, ફર્મી, મેક્સ પ્લાંક, નીલ્સ બોહર અને ટેસ્લા જેવા વૈજ્ઞાનિકો પોતાના પ્રયોગોથી દુનિયાને ચમકાવી રહ્યા હતા. તે જ સમયગાળામાં, સીવી રામન, જગદીશ ચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, મેઘનાદ સાહા અને એસ ચંદ્રશેખર સહિત ઘણા વૈજ્ઞાનિકો તેમની નવી શોધો સામે લાવી રહ્યા હતા.

વડાપ્રધાને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના તફાવતને રેખાંકિત કર્યો કારણ કે આપણે આપણા વૈજ્ઞાનિકોના કાર્યને યોગ્ય માન્યતા આપી રહ્યા નથી, વડાપ્રધાનએ ધ્યાન દોર્યું કે જ્યારે આપણે આપણા વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, ત્યારે વિજ્ઞાન આપણા સમાજનો ભાગ બની જાય છે, તે સંસ્કૃતિનો ભાગ બની જાય છે. વડાપ્રધાન શ્રી મોદીએ દરેકને આપણા દેશના વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનએ કહ્યું વૈજ્ઞાનિકો દેશને તેમની ઉજવણી કરવા માટે પૂરતા કારણો આપી રહ્યા છે, તેમણે કોરોના રસી વિકસાવવામાં અને વિશ્વની સૌથી મોટી રસી અભિયાનમાં યોગદાન આપવા માટે ભારતીય વૈજ્ઞાનિકોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાનએ પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર વિજ્ઞાન આધારિત વિકાસની વિચારસરણી સાથે કામ કરી રહી છે. "૨૦૧૪થી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારના પ્રયાસોને કારણે આજે ભારત વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં ૪૬મા ક્રમે છે, જ્યારે ૨૦૧૫માં ભારત ૮૧મા ક્રમે હતું.'' તેમ વડાપ્રધાને ઉમેર્યું હતું. તેમણે દેશમાં વિક્રમજનક સંખ્યામાં પેટન્ટ રજીસ્ટર થયાનો સ્વીકાર કર્યો હતો. તેમણે ઈનોવેશનના વાતાવરણ અને વાઈબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની પણ નોંધ લીધી હતી. વડાપ્રધાને ધ્યાન દોર્યું હતું કે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા તરફનો ઝોક આપણી યુવા પેઢીના ડીએનએમાં છે. આપણે આ યુવા પેઢીને પૂરી તાકાતથી ટેકો આપવાની જરૂર છે. વડાપ્રધાને યુવાનોની નવીન ભાવનાને ટેકો આપવા માટે સંશોધન અને નવીનતાના ક્ષેત્રમાં નવા ક્ષેત્રો અને મિશનોની યાદી આપી હતી. તેમણે સ્પેસ મિશન, નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન, સેમિકન્ડકટર મિશન મિશન હાઈડ્રોજન અને ડ્રોન ટેકનોલોજીના ઉદાહરણો આપ્યા. તેવી જ રીતે NEP માતૃભાષામાં વિજ્ઞાન અને તકનીકી શિક્ષણ આપીને આને પ્રોત્સાહન આપી રહ્યું છે.

વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યુંહતું કે આ અમૃતકાળમાં ભારતને સંશોધન અને નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે આપણે એકસાથે અનેક મોરચે કામ કરવું પડશે. તેમણે વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધિત શોધનને સ્થાનિક સ્તરે લઈ જવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યોને તેમની સ્થાનિક જરૂરિયાતો અનુસાર સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું. વડાપ્રધાનએ ટિપ્પણી કરી હતી કે રાજ્ય સરકારો દ્વારા વધુને વધુ વૈજ્ઞાનિક સંસ્થાઓની રચના અને પ્રક્રિયાઓને સરળ બનાવવા ઉપર ભાર મૂકીને નવીનતાને પ્રોત્સાહિત કરી શકાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પણ ઈનોવેશન લેબની સંખ્યા વધારવી જોઈએ. તેમણે દરેક રાજ્યને વિજ્ઞાન, નવીનતા અને ટેક્નોલોજી અંગે આધુનિક નીતિ ઘડવા પણ કહ્યું હતું.

"સરકાર તરીકે, આપણે આપણા વૈજ્ઞાનિકો સાથે વધુને વધુ સહકાર અને સહયોગ કરવો પડશે, આ એક વૈજ્ઞાનિક આધુનિકતાનું વાતાવરણ બનાવશે"

વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યોએ રાષ્ટ્રીય સ્તરની ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓ અને રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની ક્ષમતા અને કુશળતાનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ. "આપણે વૈજ્ઞાનિક સંસ્થાઓ અને કુશળતાના મહત્તમ ઉપયોગ માટે આપણી વિજ્ઞાન સંબંધિત સંસ્થાઓને સિલોસની સ્થિતિમાંથી બહાર લઈ જવી પડશે" વડાપ્રધાને ઉમેર્યું. તેમણે પાયાના સ્તરે વિજ્ઞાન પ્રમોશન ઈવેન્ટ્સ માટે કહ્યું. તેમણે રાજયના વિજ્ઞાન મંત્રીઓને તેમના વિજ્ઞાન અભ્યાસક્રમના સારા વ્યવહારો અને પાસાઓ શેર કરવાની સલાહ પણ આપી હતી. સંબોધનના સમાપનમાં વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો કે સ્ટેટ સેન્ટર સાયન્સ કોન્ફલેવ દેશમાં વિજ્ઞાનની પ્રગતિ તરફ એક નવું પરિમાણ ઉમેરશે અને સંકલ્પ કરશે. વડાપ્રધાને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં કોઈ પણ તકને હાથમાંથી છૂટવા ન દેવા સૌને વિનંતી કરી હતી.

"આવતા ૨૫ વર્ષ ભારત માટે સૌથી મહત્વપૂર્ણ વર્ષ છે કારણ કે તે આવનારા ભારતની નવી ઓળખ અને તા કાત નક્કી કરશે" એમ વડાપ્રધાનએ કહ્યું. વડાપ્રધાનએ સહભાગીઓને આ સંમેલનમાંથી શીખવા માટે તેમના રાજ્યોમાં લઈ જવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા વિનંતી પણ કરી હતી. આ કોન્કલેવમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય સાયન્સ અને ટકેનોલોજી મંત્રી જીતેન્દ્રસિંહ તથા શિક્ષણ અને વિજ્ઞાન - ટેક્નોલોજી મંત્રી જીતુભાઈ વાઘાણી સહિતના ઉપસ્થિત રહયા હતા.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતની પહેલી સીનેમેટિક ટુરિઝમ પોલિસીનું લોન્ચિંગ

## રાજ્ય સરકારના મંત્રીઓ પૂર્ણેશ મોદી, અરવિંદ રૈયાણી અને અભિનેતા અજય દેવગણે આપી હાજરી




અમદાવાદ તા. ૧૨

ગુજરાતની સૌ પ્રથમ સીનેમેટિક ટુરિઝમ પોલિસીનું લોન્ચિંગ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અભિનેતા અજય દેવગણ, રાજ્ય સરકારના મંત્રી પુર્ણેશ મોદી અને અરવિંદ રૈયાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું. મુખ્યમંત્રીએ આ સિનેમેટીક ટુરીઝમ પોલિસી ગુજરાતમાં ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટમાં મહત્વપૂર્ણ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને ગુજરાત એમના જ માર્ગ દર્શનમા દેશનું વિકાસ મોડલ બન્યું છે. ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ છે અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થાન બની ગયું છે. આત્મ નિર્ભર ગુજરાતના નિર્માણથી આત્મ નિર્ભર ભારત માટે આ પોલીસી ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પોલિસી ફિલ્મ મેકીંગ ક્ષેત્રના સર્વિસ પ્રોવાઈડર્સને એક મંચ ઉપર લાવી પ્રવાસન વિકાસને પણ અપ્રતિમ વેગ આપશે. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે આ નવી પોલિસી ગુજરાતમાં ફિલ્મ નિર્માણ માટે સક્ષમ તકો ઉભી કરશે તેમજ સ્થાનિક લોકોને રોજગારીના અવસર પણ આપશે.

પ્રસિદ્ધ અભિનેતા અજય દેવગણે ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે, આ સીનેમેટિક ટુરિઝમ પોલિસીના લોન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારે સીનેમેટિક ટુરિઝમ પોલિસી જાહેર કરી તેની મને ખુશી છે. ગુજરાત સાથેના અનુભવો અંગે અજય દેવગણે જણાવ્યું હતું કે, અહીંની સંસ્કૃતિ, વિસ્તારો અને વિવિધ ગુજરાતી વાનગીઓ મને આકર્ષે છે. અહીંના લોકોનો પ્રેમ પણ ખૂબ સારો મળ્યો છે. હું ગુજરાત સાથે વર્ષોથી જોડાયેલો છું. આ પોલિસીના માધ્યમથી ફિલ્મ જગતને સારો સહકાર મળી રહશે. આ પ્રસંગે પ્રવાસન મંત્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ એ ગુજરાતમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ સીનેમેટિક ટુરિઝમ પોલિસી ગુજરાતના પર્યટનને આગળ વધારવામાં ખૂબ મહત્વની બની રહેશે. તથા આ પોલિસીથી ગુજરાતમાં રોજગારી ઉતપન્ન થશે. ગુજરાત આગામી દિવસોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ટુરિઝમ વિભાગના સચિવ હારીત શુક્લાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સિનેમાના પડદે દર્શાવતું સ્થળ લોકોને યાદ રહી જાય છે અને બાદમાં તે ટુરિઝમ સ્પોટ બની જાય છે. દેશ-વિદેશના આવા અનેક સ્થળોનો પરિચય આપણને મુવીમાંથી મળે છે.


ગુજરાતમાં કચ્છનું સફેદ રણ, શિવરાજપુર બીચ જેવા અનેક સ્થળો છે જયાં શૂટિંગ સ્પોટ બની શકે તેવી વ્યાપક તકો છે. તેમણે સીનેમેટિક ટુરિઝમ પોલિસી થકી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ગુજરાતમાં શૂટિંગની તકો વધશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ પોલિસી લોન્ચિંગ સાથે મુખ્યમંત્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાતમાં ફિલ્મ મેકીંગ, સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રકચર, એકટીંગ સ્કૂલ સહિતના વિવિધ વિષયોમાં રોકાણો માટેના કુલ રૂ.૧૦૨૨ કરોડના ચાર એમ.ઓ.યુ. પ્રવાસન વિભાગ સાથે કેટલાક રોકાણકારો દ્વારા કરવામાં આવ્યા હતા. અભિનેતા અજય દેવગણે પણ રાજ્યમાં ફિલ્મ મેકીંગ અને સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય સુવિધાઓ માટેના એમ.ઓ.યુ. કર્યા હતા. આ અવસરે સીનેમેટિક ટુરિઝમ પોલિસીની જાણકારી આપતી શોર્ટફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. ટુરિઝમ વિભાગના કમિશનર અને MD શ્રી આલોક કુમાર પાંડેએ ઉપસ્થિત મહાનુભાવો, ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા લોકોનો કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ગુજરાત ઈચ્છે છે પરિવર્તન, મનીષ સિસોદીયા યોજશે ગુજરાત




દિલ્હી બાદ પંજાબમાં પણ સત્તા પર આવેલી આમ આદમી પાર્ટી હવે ગુજરાત, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં સત્તા મેળવવા માટે કમર કસી રહી છે. ચૂંટણી નજીક આવવાની સાથે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સક્રિયતા પણ વધી રહી છે. તેના અનુસંધાને દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સંયોજક આગામી ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ ૨ દિવસ માટે ગુજરાતની મુલાકાત લેશે. ઉપરાંત કેજરીવાલે મનીષ સિસોદિયાના ગુજરાત પ્રવાસની પણ જાહેરાત કરી છે. તેમણે ટ્વીટમાં લખ્યું કે, 'ગુજરાત હવે પરિવર્તન ઈચ્છે છે. મનીષ સિસોદિયાજી જલ્દી જ ગુજરાતમાં યાત્રા યોજશે. બસ હવે પરિવર્તન જોઈએ.'

## ચૂંટણી પૂર્વે સૌરાષ્ટ્રમાં રાજકીય-સામાજિક શક્તિ પ્રદર્શન




રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે સૌરાષ્ટ્રમાં પાટીદાર આગેવાનો દ્વારા સામાજિક અને રાજકીય શક્તિ પ્રદર્શન કરવામાં આવશે. રાજકોટના ગોંડલ ખાતે આજે યુદ્ધ એજ કલ્યાણ ગ્રુપ દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ખોડલધામના ચેરમેન નરેશ પટેલના અધ્યક્ષસ્થાને આ સમારોહ યોજાશે. ત્યારે કહી શકાય કે કોંગ્રેસ બાદ હવે ભાજપના પાટીદાર નેતાઓની આજે બેઠક યોજાશે. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મર, ભાજપના ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ આ સંમેલનમાં જોડાશે. એ સિવાય પાસના નેતા અલ્પેશ કથીરિયા સહિત ક્ષત્રિય સમાજના અગ્રણીઓની પણ હાજરી જોવા મળશે.

## રાજકોટની હાઇપ્રોફાઈલ બેઠકમાં ભાજપ પાટીદાર કાર્ડ પર રમી શકે



રાજકોટની પશ્ચિમ બેઠક લોહાણા, વાણિયા અને બ્રાહ્મણની વધુ માનવામાં આવે છે. આ વર્ગના વધુ મતદારો છે, પરંતુ જો પાટીદાર કાર્ડ ભાજપ રમે તો વર્તમાન સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલનું નામ પણ આ બેઠક પર ચર્ચામાં છે. અગાઉ કોંગ્રેસ કડવા પાટીદારને આ બેઠક પરથી લડાવી ચૂકી છે. જો ભાજપ પણ કડવા પાટીદાર ઉમેદવારની પસંદગી કરે તો પુષ્કર પટેલનું નામ પણ આગળ આવે.

## ઘડીયાળની દુકાનનો માલિક-ઝુંપડપટ્ટીવાળા કરોડપતિ બની ગયાં




**દેશભરમાં પડેલા ઇન્કમટેક્સના દરોડામાં ચોંકાવનારા ખુલાસા**

ઈન્કમટેક્સ વિભાગે કર ચોરી અને રાજનૈતિક ફંડિગ કેસમાં નોંધાયેલી પરતું ગેરકાયદેસર રાજનૈતિક દળોના સ્થળો પર બુધવારે મોટી કાર્યવાહી કરી. દેશના અનેક રાજ્યોમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. મુંબઈમાં દરોડા પાડ્યા બાદ ટીમ ઉતર પ્રદેશના સુલતાનપુરમાં આવેલી ઘડીયાળની દુકાન સુધી પહોંચી ગઈ હતી. પૂછપરછમાં આ વાત સામે આવી કે ઘડીયાળની દુકાનનો માલિક પણ આવા જ રાજનૈતિક દળનો અધ્યક્ષ હતો. જોકે તેણે કહ્યું કે ડોનેશન અને પ્રમાણપત્ર વિશે તેને કોઈ જાણકારી નથી.

## કોંગ્રેસે ૯૧ એલઇડી વાનની ખરીદી કરી, ઓક્ટોબરમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે




ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે આ વખતે યોજાનારી ચૂંટણીમાં પ્રચાર-પ્રસાર માટે સોશિયલ મીડિયાની ભૂમિકા સૌથી મહત્ત્વની રહેશે. સોશિયલ મીડિયાનો સહારો તમામ રાજકીય પાર્ટીઓ લઈ રહી છે, ત્યારે કોંગ્રેસે રાજ્યનાં ૫૨ હજાર બૂથનું મેનેજમેન્ટ ડિજિટલી કરવાની શરૂઆત કરી છે, જેના માટે એક એપ્લિકેશનની ખરીદી પણ કરવામાં આવી છે. ઓફલાઇન કામગીરી બાદ હવે ડિજિટલ કામગીરીની શરૂઆત કોંગ્રેસે કરી દીધી છે.

## અમદાવાદીઓ નવરાત્રિમાં મેટ્રો ટ્રેનની મજા માણી શકશે



અમદાવાદમાં નવરાત્રીમાં જ મેટ્રોના બંને ફેઝ શરૂ કરવાની તૈયારીઓ થઈ ચૂકી છે. તંત્ર દ્વારા આ તૈયારીઓને હાલ આખરી ઓપ અપાઈ રહ્યો છે. મેટ્રોની કામગીરી હાલ રોકેટ ગતિએ ચાલી રહી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થાય તેવી તૈયારીઓ છે. મેટ્રો ટ્રેનના ફેઝ-૧માં ૨ કોરિડોર હશે. જેમાં કોરિડોર-૧માં એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ સુધી ટ્રેન દોડશે તો કોરિડોર-૨માં થલતેજથી વસ્ત્રાલ સુધી મેટ્રો ટ્રેન દોડશે. મેટ્રો ટ્રેનનું મહત્તમ ભાડું ૨૫ હશે.

## હવે રેલવેની જમીન ૩૫ વર્ષ માટે ભાડાપટ્ટે અપાશે



વડાપ્રધાનની ગતિ-શક્તિ યોજના નીચે હવે રેલવેની ૬૨,૦૦૦ હેકટરની જમીન હવે ૩૫ વર્ષનાં લીઝ પર જુદાં જુદાં હેતુઓ માટે આપવા કેન્દ્રીય કેબિનેટે નિર્ણય કર્યો છે. રેલ-મંત્રી અનુરાગ ઠાકુરે આ માહિતી આપતાં પત્રકારોને જણાવ્યું હતું કે કાર્ગો ટર્મિનલ્સ, હોસ્પિટલ, કે કેન્દ્રિય વિદ્યાલય માટે ભાડાં-પટ્ટે (લીઝ) પર આપવા નિર્ણય લેવાયો છે. તેથી રેલવેની આવક પણ વધશે.

### લમ્પી વાયરસનાં કાળા કેરમાં

# બિલખામાં આવેલ સરકારી પશુ દવાખાનામાં તાત્કાલીક ડોકટરની નિમણુંક કરવા પંચાયત સદસ્યની રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા. ૧૨

હાલમાં સમગ્ર ગુજરાતમાં લમ્પી વાયરસે કાળો કેરવર્તાવ્યો છે. જેનાં પરીણામે હિન્દુઓનાં પૂજય ગૌવંશ ટપોટપ મરી રહયા છે એવા સમયે બિલખામાં આવેલ અદ્યતન સરકારી પશુ દવાખાનામાં છેલ્લા ત્રણ માસથી ડોકટરની જગ્યા ખાલી પડી હોય પશુપાલકો અને ગૌપ્રેમીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. જેનાં અનુસંધાને બિલખા ગ્રામ પંચાયતનાં જાગૃત સદસ્ય રણજીતભાઈ બાબરીયાએ ઘણા સમયથી ખાલી પડેલ આ જગ્યા ઉપર સમયની ગંભીરતા સમજી તાત્કાલીક ધોરણે ડોકટરની નિમણુંક કરવા ડીડીઓ જૂનાગઢને રજુઆત કરેલ છે.

બિલખા જૂનાગઢ તાલુકાનું સૌથી મોટું ગામ હોય અને સૌથી વધુ પશુની વસ્તી હોય અને છતાં ડોકટર વગરનાં પશુ દવાખાનાને કારણે આજે ગૌવંશ અને તમામ પશુધન હેરાન થતું હોય એ નિંદનીય છે. જે હોય તે તંત્ર દ્વારા સમયની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલીક અસરથી બિલખાનાં આ પશુ દવાખાનામાં ડોકટરની નિમણુંક કરવામાં આવે એ ગૌવંશનાં હિતમાં રહેશે.

# જૂનાગઢ અકિલાનાં પત્રકાર સ્વ. સુર્યકાંતભાઈ જોષીની આજે ૧૫મી પૂણ્યતિથિ

### મેયર, ધારાસભ્ય, સાધુ-સંતો ઓનલાઈન શ્રધ્ધાંજલી અર્પણ કરશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ અકિલાનાં પત્રકાર સ્વ. સુર્યકાંતભાઈ જોષીની આજે ૧૫મી વાર્ષિકપૂણ્યતિથિ છે. ત્યારે સોશ્યલમિડીયાનાં માધ્યમથી સાંજે ૬ વાગ્યાથી શ્રધ્ધાંજલી અર્પણ કરવા એક કાર્યક્રમનું આયોજન કરાયુંછે. જેમાં જૂનાગઢનાં મેયર ગીતાબેન પરમાર, ધારાસભ્ય ભીખાભાઈ જોષી તેમજ સાધુ-સંતોમાં ધુનડાનાં પૂ. જેન્તીરામબાપા, ચાંપરડાથી પૂ. મુકતાનંદબાપુ, પૂ. ઈન્દ્રભારતીજી મહારાજ, મેંદરડાનાં પૂ. સુખરામદાસબાપુ સહિતનાં ઓનલાઈન કાર્યક્રમમાં જોડાય સુર્યકાંતભાઈ જોષીને શ્રધ્ધાંજલી અર્પણ કરશે. તેમજ જોષી પરીવારનાં મોભી ગં.સ્વ. વિજયાબેન શિવલાલભાઈ જોષી તેમજ ગીરાબેન સુર્યકાંતભાઈ જોષી, પુત્રી ઋષિતા મહેશકુમાર જોષી સાઉદી અરેબીયા, પુત્ર અભિષેક અને અકિલાનાં પત્રકાર વિનુભાઈ જોષી, શ્રીમતી મીતાબેન જોષી, વિરલ જોષી (ન્યુઝલેન્ડ) તેમજ મૈત્રેય જોષી અને બેનશ્રી મધુબેન દિનેશભાઈ તોરૈયા સહિતનાં ભાવાંજલી અર્પણ કરશે. સુર્યકાંતભાઈ જોષીની વિદાયને આજે દોઢ દાયકો થવા છતાં પત્રકાર જગતમાં તેઓની અમીટ અતુટ છાપ છોડી ગયા છે. આજે પણ લોકો તેમની નિડરતા પત્રકારત્વ ક્ષેત્રે મેળવેલ લોકચાહનાને લઈ તેમને યાદ કરે છે.

# જગતગુરૂ શંકરાચાર્યને ગિરનાર મંડળનાં સંતો વતી શ્રધ્ધાંજલી અર્પણ કરતા પૂ. ઈન્દ્રભારતીબાપુ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

દ્વારકાપીઠાધિશ્વર અનંત વિભુષિત જગતગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજ બ્રહ્મલીન થતાં તેઓને સાધુ સમાજ દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢ શ્રી રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમનાં શ્રી મહંત અને શ્રી પંચદશનામ જુના અખાડાનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ ગિરનાર સંતમંડળનાં અધ્યક્ષ પૂ. ઈન્દ્રભારતી બાપુએ જગતગુરૂ શંકરાચાર્યજીને શ્રધ્ધાંજલી અર્પણ કરતા જણાવ્યુંહતું કે તેમનું શરીર શાંત થતા આજે ખુબ દુઃખદ બાબત છે. તેમણે વિશ્વની અંદર ઘણા ઉમદા કાર્ય કરેલ છે. ભગવાન પીનાકપાની શિવ તેમનાં આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના સહ શ્રધ્ધાસુમન અર્પણ કરૂ છું.

પૂ. ઈન્દ્રભારતીજી મહારાજે વધુમાં જણાવેલ કે સનાતન વૈદીક ધર્મ સાંસ્કૃતિ પરંપરા શાસ્ત્ર સદાચાર અને સંપૂર્ણ માનવતાનાં રક્ષક હતાં અનો સાથે રાષ્ટ્ર ભકિતનાં સાકારરૂપ હતાં. રાષ્ટ્ર તથા સમાજની રક્ષા અને વિકાસ માટે તેઓએ ઘણા કાર્ય કર્યા અને પાર્થિવ શરીર છોડી પરમધામ માટે પ્રસ્થાન કર્યા છે ત્યારે આ દિવ્ય આત્માને ગિરનાર મંડળનાં સંતો વતી શ્રધ્ધાસુમન અર્પણ કરૂ છું.

# જૂનાગઢ : હીરાનાં કારખાનામાંથી ૪ પેકેટ હીરાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૨

વંથલી તાલુકાનાં નવલખી ગામે રહેતા શાંતીલાલ પ્રાગજીભાઈ વૈષ્ણ (ઉ.વ.૫૦)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીનાં હીરા ઘસવાનું કારખાનું આંબાવાડી, હીરા બજારમાં આવેલ છે ત્યાંથી ૪ પેકેટ હીરા નંગ-૪૯ રૂા.૨૫ હજારની કિંમતનાં કોઈ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુતપાસ હાથ ધરી છે.

# સોમનાથમાં હનુમાનજીની ૧૬ ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ તેમજ સમુદ્ર દર્શન પથ ઉપર ૨૦૨ મારૂતિહાટની દુકાનોનું ગૃહમંત્રી અમિત શાહે લોકાર્પણ કર્યું





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

સોમનાથ આવી કેન્દ્રીય ગૃહમંત્રી એવા સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અમિતભાઈ શાહે મહાદેવને શીશ ઝુકાવી લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. બાદમાં સમુદ્ર દર્શન પથ પાસે હનુમાનજીની ૧૬ ફુટ ઉંચી પ્રતિમાનું અનાવરણ તેમજ સમુદ્ર દર્શન પથ ઉપર ૨૦૨ મારૂતિ હાટની દુકાનોનું ઉદ્‌ઘાટન પણ કર્યુહતું. સોમનાથ મંદિરે પહોંચેલ ગૃહમંત્રી અમીતભાઈ શાહે મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક અર્પણ કર્યા બાદ પૂજન અર્ચન કરી હતી. ત્યારબાદ સોમનાથ મંદિરના પૂજારીઓ દ્વારા શાસ્ત્રોકત વિધિથી ગૃહમંત્રીના હસ્તે સોમેશ્વર મહાપૂજા તેમજ ધ્વજાપૂજા કર્યા બાદ ધ્વજારોહણ કરી ધન્યતા અનુભવી હતી. મંદિરમાં સોમગંગા વિતરણ સુવિધાનો પ્રારંભ કરી ચંડેશ્વર પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું. સોમનાથ મહાદેવને અર્પણ કરાતા ગંગાજળને રિફાઈન કરી ભાવિકોને પ્રસાદ રૂપે આપવાના પવિત્ર પ્રકલ્પનો પણ પ્રારંભ કરાવ્યોહતો.





સોમનાથના દર્શન બાદ શ્રદ્ધાળુઓ મંદિરની પ્રદક્ષિણા તેમજ અભિષેક જલથી માર્જન કરતા હોય છે. જેનું અનેરૂ મહત્વ છે. જે કોઈ (વ્યકિત) સોમગંગા જલથી સ્વશરીરનું પરિમાર્જન કરે છે તો તેની આધિ-વ્યાધિનો નાશ થાય છે. આ સોમગંગા જલ શ્રદ્ધાળુઓ પોતે લઈ જઈ શકે તે માટે ઈ.ટી.પી. પ્લાન્ટ લગાડી આ જળને શુદ્ધ કરી આકર્ષક બોટલમાં પેક કરી વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સુવિધાનો ગૃહમંત્રીએ શુભારંભ કરાવ્યો હતો. નવી વેબસાઈટના લોન્ચિંગથી યાત્રિકો ઘરે બેઠા પૂજાવિધિનું રજીસ્ટ્રેશન, અતિથિ ગૃહ રૂમનું બુકિંગ, ડોનેશન, સોમેશ્વર મહાપૂજા, ધ્વજા પૂજા, રૂદ્રાભિષેક વિગેરે પૂજાવિધિ ઓનલાઈન બુક કરાવી શકશે. સોમનાથની પ્રસાદી તેમજ શ્રી સોમનાથ મંદિરમાં પૂજા કરાયેલ ચાંદીના સિક્કા, શ્રી પાર્વતીમાતાને ચડાવેલ સાડી, મહાદેવને શૃંગાર કરેલ વસ્ત્રો તથા મંદિર ઉપર ધ્વજા રોહણ કરાયેલ ધ્વજા પણ વસ્ત્ર પ્રસાદી રૂપે ઓનલાઈન મંગાવી શકશે તેમજ સ્નેહી સંબંધીને પણ મોકલાવી શકાશે. સોમનાથના રોજેરોજના લાઈવ દર્શન, આરતી તેમજ સાઈટ સીન, પ્રવાસન સ્થળો, હેરીટેજ વોક, ટેમ્પલ વોકની પણ માહિતી મળશે. આ નવિન વેબ પોર્ટલ ગૃહ મંત્રીએ લોંચ કર્યુ હતું.

ભારત સરકારની પ્રસાદ યોજના અંતર્ગત નિર્માણ થયેલ સમુદ્ર દર્શન પથની બાજુમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તેવા શુભ આશયથી રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે શ્રી મારૂતિનું હાટનિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૧૦/૧૦ ફૂટની ૨૬૨ દુકાનો બનાવી સ્થાનિક હોકર્સને ફાળવવામાં આવેલ છે. આ દુકાનો હોકર્સને મળવાથી ૨૦૨ પરીવારોને રોજગારી મળી છે. વર્ષ દરમ્યાન સમુદ્ર દર્શન પથ વોકવે ઉપર ૧૬ લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી છે. આ બીચ ઉપર શ્રી હનુમાનજીની ૧૬ ફૂટની પ્રતિમા ટ્રસ્ટ દ્વારા સ્થાપિત કરવામાં આવી છે. બીચ ઉપર આવતા સહેલાણીઓ આ પ્રતિમા સાથે સેલ્ફી લઈ શકશે અને આ પ્રતિમા સોમનાથના બીચની ભવ્ય ઓળખ બનશે. ગૃહમંત્રીની સોમનાથ મુલાકાતમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, પૂર્વ મંત્રી જશાભાઈ બારડ, ગોવિંદભાઈ પરમાર, રાજશીભાઈ જોટવા, પ્રદેશ ભાજપ સંગઠન મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, પાલિકા પ્રમુખ પિયૂષભાઈ ફોફંડી, સોમનાથ મંદિર ટ્રસ્ટી જે.ડી.પરમાર, પી.કે લહેરી, સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ, જીએમ વિજયસિંહ ચાવડા, ગીર સોમનાથ જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલ, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે સહિતના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે રહ્યા હતાં.

